Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृद्धास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मुं | वीर सं. २४५२. अषाड आत्म सं. ३१ | अंक १२ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ મનોહર–માનવ–દેહ. ... | ૨૭૯ | ૬ સાંસારિક જીવન. ... ... | ૨૯૬ |
| ૨ આત્મકલ્યાણ. ... ... | ૨૮૦ | ૭ ચર્ચાપત્ર. ... ... ... | ૨૯૮ |
| ૩ વિશ્વરચના પ્રબંધ... ... | ૨૮૧ | ૮ વર્તમાન સમાચાર... ... | ૨૯૯ |
| ૪ ધર્મરત્નને યોગ્ય કોણ હોઇ શકે? | ૨૮૫ | ૯ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ સંબંધી હકીકત. ... ... | ૩૦૧ |
| ૫ જૈન મહાત્માની કેટલીએક ભાવનાઓ. .. ... ... | ૨૮૮ | ૧૦ ગ્રંથાવલોકન ... ... | ૩૦૩ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનો વિરૂદ્ધ પાલીતાણા.

આ ગ્રંથમાં પાલીતાણા સ્ટેટની અરજી અને જૈનોનો જવાબ તેમજ એ. મી. વોટસનનો ફેસલો આપવામાં આવ્યો છે.

જ્યારે તેના સામે ઉત્તર–દક્ષિણનો તફાવત બતાવનાર સને ૧૮૮૬ નો સરકારી ઠરાવ પણ તેમાં જોશો.

આ ઉપરાંત

| | | | | |
|---|---|---|---|---|
| વલભી<br>ચાવડા<br>સોલંકી<br>વાઘેલા | વગેરે હિંદુ રાજાઓ. | અને | ગીજની<br>ઘોરી<br>ગુલામ<br>ખીલજી<br>તઘલખ<br>સૈયદ<br>લોદી | વગેરે મુસ્લીમ સુલતાનો તરફથી. |

શ્રી શત્રુંજયનું થયેલું રક્ષણ, તેમજ સ્વતંત્રતાનો સત્તાવાર ઇતિહાસ પણ તેમાં જોશો. આ સિવાય—

| | | |
|---|---|---|
| મરાઠા<br>પેશ્વા<br>ગાયકવાડ અને<br>અંગ્રેજસરકારના | અભય વચનો, પટ્ટા, પરવાના અને રક્ષણનો ઇતિહાસ પણ તેમાં જોશો. | પાલીતાણા રાજ્યનો ઇતિહાસ અને જૈનો સાથેના તેમના સંબંધની કુલશુંથણી પણ તેમાં સારો પ્રકાશ પાડશે. |

દરેક મુદ્દાને સપ્રમાણ ઐતિહાસિક દૃષ્ટિયે સ્પષ્ટ કરવા સાથે પ્રાસંગિક આદર્શ ચિત્રો પણ આપેલ છે. કિંમત રૂા. ૧–૪–૦

લખો—**જૈન પત્રની ઓફીસ–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए । पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ? । जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं । पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि । पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ । सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम् ।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५२. अषाड, आत्मसंवत् ३१. } अंक १२मो.

ॐ

## " मनोहर–मानव–देह. "

( १ )

સહજે અગર અતિ કષ્ટથી માનવ મનોહર જાતનું,
મળવુ છતાં સમજાય ના ફલ પૂર્વકૃત કો ! ભ્રાતનું;
પાષાણ ગોળ નદી ન્યાયની ઘટના ઘટાવી શાસ્ત્રમાં,
દૃષ્ટાન્તથી સિદ્ધાન્તની કર ખોજ ક્ષણ ક્ષણ માત્રમાં.

( ૨ )

અવસર અનુપમ પ્રાપ્તિ ભ્રાતુ ! દેવ જેને ચહાય છે,
ગતિ ચાર માંહિ દ્વાર માનવ મોક્ષનું સમજાય છે;
ચિન્તામણી વા કલ્પપાદપ કામધેનું માનીને;
ઉપયોગ કર નિજ આત્મ માટે સાધ્ય સાધન જાણીને.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " आत्म-कल्याण. "

( આવો આવો પધારો મોંઘેરા મહેમાન, અંતરને વહાલે વધાવીએ—એ રાગ.

ધરો ધર્મ તણું ધ્યાન સદા મહાવીર બાળ !
કરવા કલ્યાણ નિજ આત્મનું—એ ટેક.
મીઠો જીન ધર્મ જાણુ મોંઘા મૂલનો,
અંધ આંખે તે આંજ શિળો સુરમો,
કાપ અંધકાર આંખનો અતિશે અકાર....કરવા....ધરો....
ગતિ ચારમાં અત્યુત્તમ મનુષ્યની,
આવી એકવાર પાછી મળનાર નહિં,
માટે આવેલી પળ અણમુલ સાધ; સાધ....કરવા....ધરો....
કરો પ્રીત સહુ દેવ ગુરૂ ધર્મની,
મહીં વસીયું સમકિત જો લગારની ?
' ગહન '–ગુહ્ય તત્વ તાણી શાસ્ત્રનું સ્વીકાર સ્યાદ્વાદ....કરવા....ધરો....
સુલભ ધર્મ તણા ભેદ રૂડા ચાર છે,
દાન, શીળ, તપ, ભાવના ગણાય છે;
ઉર ઉલટથી શુદ્ધ થઇ પાળ, પાળ, પાળ....કરવા....ધરો....
દિવ્ય કલ્પતરૂ સમ પંકાય છે,
વળી રત્ન ચિંતામણિ ગવાય છે;
ચુરી ચિંતા પૂરે તુર્ત ઉર અભિલાષ....કરવા....ધરો....
મૂક મનની મલિનતાને મેલ તું,
ગ્રહી ગુણને નસાડ દુર્ગુણ સહુ;
મહા મોટો અહિંસા મંત્ર જાપ, જાપ, જાપ....કરવા....ધરો....
સુસંગ સાધ વ્રત રૂડા બારનો,
ભાવ ભાવીને ત્યાગ પંથ પાપનો;
અતિચાર સહુ વ્રતના ત્યાગ, ત્યાગ, ત્યાગ....કરવા....ધરો....
જ્ઞાન દરશન ચારિત્ર રત્ન કાજ તું,
માર ડૂબકી ભવસાગરે લેવા સહુ;
કો દી ફાવ્યો તો તારશે અલૌકિક નાવ....કરવા....ધરો....
મોટો મહિમા છે, માન જીન ધર્મનો,
પામી પ્રીતથી નિવાર જુલ્મ કર્મનો,
માર્ગ મોક્ષનો બતાવે અણમુલ ધર્મ ધ્યાન....કરવા....ધરો....

( લેખક—મણીલાલ માણેકચંદ શાહ, મુ. મહુધા. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વરચના પ્રબંધ.

## નિવેદન ૧૫ મું

ગતાંક પૃષ્ટ ૨૬૭ થી શરૂ.

શ્રીયુત **જનાર્દનભટ્ટ** પોતાના ભારતીય પુરાતત્વ મેં ' **નઈ શોધ** ' શીર્ષકના **નિબંધમાં** લખે છે કે—**ઈ. સ. ની પૂર્વે ચારસો વર્ષની જુની મૌર્યકાલ પહેલાંની** પુરાણી ઈમારત, મૂર્તિ, સીક્કા વિગેરે હિંદુસ્તાનમાં **મળ્યા** ન હતા. **અને તેથી** પ્રાચીન કાળમાં અહીં જંગલીઓ વસતા હતા એવો **ભ્રમ** હતો, પણ પંજાબમાં **ટગોમરી** જીલ્લામાં હરપ્પા ( હરપદ ) ગામ ( નૉર્થ વેસ્ટર્ન રેલ્વે, લા૦ ક૦ નું સ્ટેશન ) માં એંસી ફીટ ઉંચા ટેકરા છે. જ્યાં સન ૧૮૫૩ માં કનીંગહામે સન. ૧૯૨૦–૨૧ માં, રા૦ બ૦ પં૦ દયારામ સોહિનીએ–આર્કિયોલૉજીકલ સર્વે નાર્દર્ન, સર્કિલ, લાહોર, સુપ્રીન્ટેન્ડેન્ટે શોધ ખોળ કરી છે

તથા સિંધમાં મહંજોદારો ગામ છે જ્યાં સન **૧૯૨૨ ના ડીસેમ્બરમાં શ્રીયુત** રાખાલદાસ બેનર્જીએ ખોદકામ કર્યું છે. આજથી ૬૦૦૦ **વર્ષ પૂર્વની ચિત્રલિપિ** વાળી મહોરો, કાચની ચુડી, રંગીન માટી, નવીન રીતીના માટીના વાસણ, પથ્થરના ચપ્પુ, **સંગેમરની મૂર્તિઓના** ટુકડા, તદ્દન નવા જેવા ૨૦૦૦ **સિક્કા, સમાધિસ્થાનો, મુડદાવાળી પ્રાચીન કારીગરીવાળી મનોહર રંગવાળી પાતળી અને** ખુબસુરત વાસણવાળી માટીની પેટીઓ મળી આવેલ છે. બૅબિલીયનમાં આવીજ વસ્તુઓ મલી છે. જેથી માની શકાય છે કે બૅબિલીયન–સુમેરિયન–સભ્યતાનું ઉત્પત્તિ સ્થાન ભારતવર્ષ છે. ગળથુથીમાંથી પાશ્ચિમાત્યતાવડે પોષાયેલા પરદેશાભિમાની હિંદીઓને આથી બહુ આશ્ચર્ય થયું છે.

(ડૉ૦ ફ્લીટ સાહેબનો સન ૧૯૧૨ નો જર્નલ ઓફધી રાયલ એશિયાટિક સોસાઈટીમાં આવેલ નિબંધ તા. ૨૦–૯–૧૯૨૪ ના ઈલસ્ટ્રેટેડ લંડન ન્યુજનું પુરાતત્ત્વ વિભાગનો ઓફીસર જોન માર્શલનું. સચિત્ર વર્ણન અને **माधुरी** ) ઋગવેદ મંડલ૫, સુકત ૧૪, ૨૧, ૩૦–૩૨–૫૨–૫૪–૫૫, અને ૫૭ તથા મંડળ ૬, સુક્ત ૨, ૨૭–૪૬–૪૭ અને ૪૮ અને યજૂર્વેદમાં ધાતુપાત્ર અને ધાતુના વિષયમાં લખેલ છે કે— **हिरणांचमे, अयंच मे, श्यामंच मे, लौहंचमे, सीसंच मे, त्रपूचमे, यज्ञेन कल्पन्ताम् (१५१०)** વિગેરે મિર્જાપુરના મસાણુમાં એક ( પત્થરયુગની ) ભૂમિ છે. જેમાંથી અઢી ત્રણ હજાર વર્ષો પૂર્વેની બારફુટ વ્યાસવાળો પથ્થર, અસ્થિપંજર, છીંછરી થાળી જેવા માટીનાં વાસણો, લીલા કાચના અશ્રુસંકલન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાત્રો,+ ૫૧ પથ્થરના હથોડા, ચકમક, વિગેરે વસ્તુઓ મળી છે, વળી તે વખતે દીપકયંત્ર, આકાશ ગામીરથ આ હુન્નરો પણ તેવાજ વૃદ્ધિને પામેલા માની શકાય છે. જો કે ચાલુ પ્રાસંગિક નોંધોની વિના કારણે જરૂર પડતી નથી; તો પણ કેટલેક ઠેકાણેથી તે વસ્તુ પહેલાં હતી એમ સાબીત થાય છે. જુઓ. ઇ. સ. પૂર્વે ૫૪૮ વર્ષે બાહુયે વિજયને વહાણ દ્વારા સિમોન દેશપાર કર્યો હતો ને તેણે નવા દેશમાં જઇ સિંહલદ્વિપ રાજ્ય સ્થાપ્યું, ટુંકમાં કહીયે તો ચોથા આરાનો અંતભાગ વર્તમાન કાળથી સુંદર હતો. ગ્લાની સાથે સુખમય હતો. ત્યાર પછી ઇ. સ. પૂર્વે ૫૨૭ વર્ષથી પાંચમા આરાનો પ્રારંભ થયો છે. તેના આદિ ભાગનું પણ તે વખતના પરદેશી મુસાફરો સારૂં વર્ણન કરે છે. જોકે સૂર્ય સમાન પ્રકાશ કરનારા સર્વજ્ઞ મહાત્માઓ તે વખતે ઓછા હતા, પણ ચંદ્ર સમાન પ્રકાશી ઘણા મહા પુરૂષો હતાં, જેથી વિજ્ઞાનવાદ સુંદર હતો. દેશ, નગર, પ્રજા, કુટુંબ, ઘર, નૃપતિમાં સંપ સારો હતો. કુસંપના અભાવે કોરટો બહુ રાખવાની જરૂર ન હતી. યાદ રાખવાની શકિત પણ જન સમૂહમાં મહાન્ હતી. +૫૩ આર્યો પણ યોગ્ય મર્યાદાવાળા હતા. લોકોમાં સમૃદ્ધિબળ, વિદ્યા, પરોપકાર ને ઉત્તમ ગુણો વસતા હતા. ભૂમિ પણ રસાળ હતી. કુદરતી રીતે વનસ્પતિઓ પણ બહુજ થતી હતી. અત્યારે આપણે જેને ઓળખી પણ શકતા નથી. વળી વૃષ્ટિ, ગરમી, ઠંડી, ટાઇમ પ્રમાણે મિતપણે પોતાનું કાર્ય કર્યે જતી હતી. કયારેક મહાન્ દુકાળો પણ પડતા હતા. લોકો પણ વનસ્પતિ આહારથી પુષ્ટ બલવાન ને નિરોગી હતા. કોઇકજ રાજ્યયક્ષ્માદિ મહાન્ રોગને ભોગ થઇ પડતા હતા. જડવાદને સ્થાન નજ હતું. જન સમુદાય પણ વૃદ્ધિ પામતો હતો. એટલે પુત્ર પરિવારાદિનું સુખ પૂર્ણ હતું. આ પ્રમાણે બન્ને આરાના સંધિ કાલમાં હતું. હવે વિક્રમનો વખત તપાસીએ તો પણ લોકો મધ્ય રીતિએ સુખી હતા. મનુષ્ય સંખ્યા પણ સારી હતી. હિંદુસ્થાનમાં વિક્રમના સૈન્યની સંખ્યાજ આશ્ચર્યકારી છે. તેના સૈન્યમાં ૩ ત્રણ કરોડ પૈદલ, ૧૦ કોડ અશ્વાદિ, ૨૪૩૦૦ હાથી, ૪ લાખ મછવા હતા, તે તેની સાથે સસૈન્ય "૯૫" શક સરદારો હતા.

વલ્લભીનો ઇતિહાસ, પાવાગઢની મસીદની લીસાઇ, આબુની કારીગરી, કોન્સ્ટાંટીનોપલમાં હજાર વર્ષ પૂર્વે કસ્તુરીથી બંધાવેલી સેંટઓફાયાની મસીદ (ઇન્ડીયન લોયલીસ્ટ),

ઇ. સ. પૂર્વે ૨૦૪ માં તાર્તારના હુમલાથી બચવા બાંધેલ ૨૫ તથા ૧૫

---

+ ૫૧ પ્રાચિન સમાધિઓમાં મરેલી વ્યકિતના મીત્રોના આંસુથી ભરેલું ચલમ જેવું માટીનું ( Lacnym Ator ) વાસણ મુકાતું હતું એમ કહેવાય છે. **મનોરમા १ । ९ ॥**

+ ૫૨ કપિલ મનુપુત્ર કહેવાય છે તે વખતે બીજા ધર્મો હશે.

+ ૫૩ જર્મનો જર્મનીને અને ફ્રેંચો ગાળાને આર્ય કહે છે ( મગ. ૮૧ )

For Private And Personal Use Only

ફૂટ જાડો, ૨૦ ફૂટ ઉંચો ને ૧૫૦૦ માઇલ ચીનનો કિલ્લો ( સ–૮૫ સ–૮૭ ) પૂર્વના વખતના ગૌરવનો નમુનો છે.

અરે થોડા કાળ પહેલાં દૃષ્ટિ નાખીયે તો અકબરના વખતમાં દરેક વ્યક્તિને છ આનામાં એક માસનું ગુજરાન થતું હતું; ઇત્યાદિ દરીદ્ર હિન્દમાં કહેલ વર્ણન પણ આપણને તે નજીક કાલના સુખનો પરિચય કરાવે છે. ને અત્યારે તો મંગલના તારાની જેમ પ્રકાશ કરનારા પુરૂષો કવચિત મળી આવે છે. દીપક સમાન પ્રકાશ કરનારા પણ ઘણા હોય છે જન સમૂહમાં સુખના સાધનોમાં દવાશાળાને ન્યાયશાળા પુર જોસથી વધ્યાજ જાય છે. અશુદ્ધ આચાર વ્યવહારથી દેહ નિર્બલ થતા જાય છે. દુકાલ મહામારી ઇન્ફ્લુએન્ઝાદિ નવા નવા રોગો ઉત્પન્ન થતા જાય છે. ચાલુ કાળને યાંત્રિક યુગ કહીએતો ચાલે. અને જો જડવાદનું વાતાવરણ ન હોત તો આ યુગ આપણી સાંભરણના કાળમાં શ્રેષ્ટતમ કાળ તરીકેનું બીરૂદ પ્રાપ્ત કરે એ નિઃસંશય છે.

જે ભૂમિ કુદરતે વનસ્પતિ આદિથી મહાશોભાના સ્થાનરૂપ બનાવી હતી તેની શોભા માટે અત્યારે કેવી મહેનત કરવી પડે છે ? અતિ મહેનત કરવા છતાં શાન્તિની પ્રાપ્તિ દુર્લભ થઇ પડે છે, જો કે કેટલીક કળાનો અત્યારે પુનરૂદ્ધાર થયો છે તેમજ તેથી ગમન શકિત અને સોંઘવારીનો હ્રાસ થતો જાય છે. આ નુકશાનીઓ બાદ કરીએ તો અત્યારના કાળના કેટલાક સાધનો અતિ ઉપયોગી છે. ઘણા પ્રાચીન કાળ સુધી મન દોડાવીએ તો તે કાળમાં રેલ્વે–મોટર-તાર વિગેરે સાધનોની અપ્રાપ્તિ સ્હેજે તારવી શકાય છે બીજી બાજુ અત્યારનું જગત જોઇએ તો ખેદ પણ થાય છે. એક કવી ઠીક કહે છે કે— *૫૬ પૃથ્વી કસ વિનાની છે. બ્રાહ્મણો કર્મ ભ્રષ્ટ છે, રાજા ધનના લાલચુ છે રાજ ધર્મથી પડેલા છે, દુષ્ટો મોટા

+ ૫૪ અત્યારે ચીન કેંટનના લોકો તરતા વહાણ પર રહે છે તથા ફ્રાંચના રેતાલ પ્રદેશના લોકો ૧૪ ફુટ બાંબુની પાવડી પર રહે છે, હાલે છે, ચાલે છે, રમે છે, દોડે છે, નાચે છે, લડે છે, પાવડી પર રહીને જ બધું કરે છે. આ પણ ૨૦ મી સદીનો પ્રભાવ કે ! ( સત્ય. ૨, ૧૧ )

ન્યુયોર્કમાં ૫૫ માળ સુધીના ઉંચા મકાનો છે. ન્યુયોર્કમાં મુખ્ય મકાનો મ્યુનીસીપાલીટીનું મકાન માળ ૩૪. ધી વુલવર્થ બીલ્ડીંગ માળ ૫૫ ફુટ ૭૫૦ પાયો ફુટ ૯૨.

સીંગરના સંચાનું બિલ્ડીંગ માળ ૫૦) ફ્લેટ આર્યમાલ ૨૨. મેટ્રોપોલિટનલાઇફ ઇન્સ્યુરન્સ આરસપહાણનું બાંધેલું માળ ૪૦ લીફ્ટ ૫૦. )

*૫૬ निर्वीजा पृथिवी गतौषधिरसा विप्रा विकर्म्मस्थिता।
राजानोर्थपरा: कुधर्मनिरता नीचा महत्वं गता ॥
भार्या भर्तृषु वंचनैकहृदया पुत्रा पितुर्द्वेषिणः !
इत्ये समुपागते कलियुगे धन्य: स्थितिंनोत्यजेत् ॥
( धन्याः नरा:येमृता:–આ દુખ જોવા કરતાં મરી ગયા છે તેજ ભાગ્યશાળી છે. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોદ્દા ભોગવે છે, સ્ત્રી ઠગારી હોય છે, પુત્રો પિતાનાજ વિરોધીઓ છે, આ પ્રમાણે હડહડતો કલિયુગ ચાલે છે માટે જે કાર્યભ્રષ્ટ થતા નથી તે પુરૂષોજ ધન્યવાદને યોગ્ય છે.

આ દશા આપણા કુસંપ, વિશ્વાસઘાત, અનીતિ અને દ્વેષાદિથી થયેલ પાપનું પ્રાયશ્ચિત છે. આ આપણો અત્યાર સુધીનો ઇતિહાસ છે. એકવીશ હજાર વર્ષનો આ દુ:ખમય પાંચમો આરો પુરો થતાં તેટલાજ વર્ષનો અતિદુ:ખમય છઠ્ઠો આરો થશે ત્યારે પૃથ્વી પરના મનુષ્ય પશુ પક્ષી વિગેરે અલ્પ પ્રમાણમાં રહેશે.

આ તમારા પ્રશ્નનો ઉત્તર છે. એટલે કે–અવસર્પિણી ઉત્સર્પિણીના સંધિ કાલને માત્ર પ્રલયના નામથી સંબોધી શકાય, જેથી ઉત્સર્પિણીના પ્રથમના આરામાં આરંભને અવસર્પિણીના છેલ્લા આરામાં અંતપ્રાય: સમજવું.

પણ આ ફેરફાર પૃથ્વીમાં કાંઇ થતો નથી.

## નિવેદન ૧૬ મું.

ઉપરના કથનમાંથી આપણને શીખવાનું ઘણું મળ્યું છે તો આ સમયે પણ આપણે માથે મનુષ્ય પણાની સત્ય ફરજ બજાવવા માટે કેટલી મોટી જોખમદારી છે.

સર્વમાં માનુષી પણાના કંઇક ગુણ અવશ્ય હોવા જોઇએ. સત્યમાર્ગને અનુસરવું, ન્યાય લક્ષ્મી મેળવવા તત્પર રહેવું, કોઇનો અવર્ણવાદ બોલવો નહિ; શિષ્ટાચારની પ્રશંસા કરવી, પોતાની જેમ દરેકને સુખ વહાલું છે માટે વિના કારણે બીજાને દુખી કરવા નહિ. પાપથી ડરતા રહેવું, પ્રસિદ્ધ દેશાચારનું પાલન કરવું, અયોગ્ય ઘર, કુસંપ, નીચકાર્ય, ઠાઠમાઠ અને અતિભોજનનો ત્યાગ કરવો, માતા પિતાની પૂજા કરવી, સુસંગ કરવો, ભોજન વસ્ત્રના વ્યયમાં મિતપણે વર્તવું, જે દુ:ખી છે તેને સત્ય માર્ગે ચડાવી સુખી બનાવવા, અતિથિ પર પ્રેમ રાખવો, મદનો ત્યાગ કરવો, યથાશક્તિ કાર્યનો આરંભ કરવો, દીર્ઘવિચાર, કૃતજ્ઞતા, લજ્જા, દયાને ધારણ કરવાં, મોહ, રોગ, ભય, આદિથી થયેલ દુ:ખમાં ખેદિત થવું નહી, અંતરંગ શત્રુને જીતવા કટિબદ્ધ રહેવું, દરેક જીવોપર મૈત્રી, પ્રમોદ, કરૂણા ને ઉપેક્ષા ભાવનાથી વર્તવું, અંતે દૈવી ગુણો ખીલતાં સર્વ કર્મનો ક્ષય થતાં શુદ્ધ આત્મા સાક્ષાત્કાર થાય છે; તે પવિત્ર આત્મા ચિન્મય હોય છે, તે આત્માઓ શરીરથી જુદા પડતાં મુક્તિમાં રહે છે. ઉપર પ્રમાણે દરેક અધિકારનો વિચાર સંપૂર્ણ રીતે કરવો, ફરીફરી મનન કરવું ને સારૂં છે તેજ મારૂં છે એ લક્ષ્ય થતાં વધારે સત્ય પામી શકાશે.

સત્ય શોધી, વિશ્વ ઉપર મહાન ઉપકાર કરી આપણા આત્માને સુધારી મહા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્ર આત્મા સિદ્ધ જીવોની આનંદમયી સ્થીતિને આપણે પામીયે એ ઈચ્છા પૂર્ણ થાઓ,

આ લેખ પૂર્ણ થાય છે. હવે તેમાં માત્ર પરિશિષ્ટો આવતા અંકમાં આપવામાં આવશે.

| | |
|---|---|
| ૧૯૭૬. વસંત પંચમી, સોમ, | સુધારા વધારા સાથે તૈયાર થયું |
| અમદાવાદ. | ૧૯૮૨ જ્ઞાનપંચમી—વઢવાણકાંપ. |
| પ્રથમ તૈયાર કર્યું | મુનિ દર્શનવિજય. |

—⁂—

# ધર્મરત્નને યોગ્ય કોણ હોઈ શકે ?

( ગતાંક પૃષ્ટ ૨૭૩ થી શરૂ. )

**સારા દાક્ષિણ્યવાળો પુરૂષ** એટલે આ લોક અને પરલોક બંનેના ઉપકારવાળું કાર્ય હોય તેમાંજ દાક્ષિણ્ય ગુણવાળો હોય, પરંતુ પાપના કાર્યમાં તેવો ન હોય. આ પુરૂષ પોતાના કાર્ય–વેપારની પ્રવૃત્તિનો ત્યાગ કરીને બીજાનો ઉપકાર કરે છે જેથી તેનું વચન સૌ કોઈ ગ્રહણ કરે છે અને તેનેજ સર્વ જનો અનુસરે છે. આ ગુણ આઠમો હોઇ તેમાં રક્ત હોય તે ધર્મરત્નને યોગ્ય હોઈ શકે છે.

નવમો ગુણ **લજ્જાળુપણા**નો છે. આવો મનુષ્ય થોડા પણ અકાર્યને દૂરથી તજે છે. સદાચારનું આચરણ કરે છે. ઉંચા પર્વત જેટલા મોટા છેડા વિનાના દુઃખના ભારથી કદાચ મરણ પામે તો પણ આવા સત્પુરૂષો જે કાર્ય કરવા લાયક નથી તેને કરતાજ નથી. આરંભેલા ધર્મકાર્યને સ્નેહ કે બળાત્કાર વિગેરે કોઇ પણ પ્રકારે ત્યાગ કરતો નથી. પ્રાયે કરીને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો પુરૂષ આવો લજ્જાળુ હોવાથી ધર્મનો અધિકારી છે.

ધર્મનું મૂળ દયા–પ્રાણીની રક્ષાજ છે. કેમકે આ વ્રતની રક્ષા માટે બીજા વ્રતો કહેલા છે. જેમ માટી વિના ઘડો બની શકતો નથી, જેમ બીજ વિના અંકુરો હોતો નથી તેમ જીવરક્ષા વિના મલિનતા રહીત શુદ્ધ ધર્મ થઇ શકતો નથી. દયાની સાથે રહેલું વિહાર, આહાર, તપ, વૈયાવચ્ચ વગેરે સર્વ શુભ અનુષ્ઠાન જિનેશ્વર ભગવાનના આગમને વિષે સિદ્ધ છે. જેથી **દયાળુપણા**નો દશમો ગુણ જે પુરૂષમાં છે. તેજ ધર્મરત્નને યોગ્ય છે.

**મધ્યસ્થપણા**નો ગુણ અગ્યારમો કહેલો છે. મધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિવાળો–કોઇ પણ દર્શન ઉપર પક્ષપાત રહિત. તે મધ્યસ્થ અને દ્વેષ રહિત મનોહર દૃષ્ટિ જેને હોય તે મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિ કહેવાય છે આવો પુરૂષ ધર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારને યથાર્થ રીતે જાણે છે. અને તેથી તે ગુણનો સંગ્રહ-સંબંધ કરે છે. દોષોને દૂરથીજ તજે છે જેથી તે ધર્મરત્નને યોગ્ય થાય છે.

ધાર્મિક મનુષ્યોમાં રહેલા ગુણોને વિષે જે રાગવાળો હોય તે **ગુણાનુરાગી** કહેવાય છે. ઘણા ગુણવાળા સાધુ, શ્રાવક વગેરેને આ ગુણી જનો ધન્ય છે, એમનો મનુષ્યજન્મ સફળ છે, ઇત્યાદિ પ્રશંસા કરે છે, બહુ માન આપે છે. આટલા ઉપરથી એમ ન સમજવું કે ગુણરહિતની નિંદા તેવો પુરૂષ કરે છે, પરંતુ નિર્ગુણી મનુષ્યોની ઉપેક્ષા કરે છે. કારણકે બીજાના છતા કે અછતા દોષો કહેવા કે સાંભળવાથી તે ગુણકારક ન થતાં બોલનાર ઉપર તેવા મનુષ્યને વૈર થાય છે, અને સાંભળનારને કુબુદ્ધિ ઉત્પન્ન થાય છે. આવી રીતે સંસારના સ્વરૂપનો વિચાર કરીને ગુણાનુરાગી નિર્ગુણીની નિંદા કરતો નથી કે સાંભળતો નથી પણ ઉપેક્ષા કરે છે, અને ગુણવાળા પુરૂષોના ગુણોનો સંગ્રહ કરવામાં પ્રયત્ન કરે છે, આ ગુણાનુરાગી ગુણ તે બારમો ગુણ છે.

તેરમો ગુણ સત્કથ-સારી કથા કરવાવાળો તે છે. વિકથા અશુભ કથા કરવાથી તેના સંગથી કલુષિત મનવાળાનું વિવેકરત્ન નાશ પામે છે, તેથી વિકથાનો ત્યાગ કરવો જોઇએ. આવી કથા શાસ્ત્રમાં સાત કહેલ છે—૧ સ્ત્રીકથા, ૨ ભક્તકથા, ૩ દેશકથા, ૪ રાજકથા, ૫ મૃદુ કારૂણિકી, ૬ દર્શનભેદની અને ૭ ચારિત્રભેદની. પ્રથમની ચાર વિકથાઓ પ્રસિદ્ધ છે. પાંચમી વિકથા શ્રોતાના મનમાં કોમળતા ઉત્પન્ન કરે તે. મૃદુ અને કરૂણા ઉત્પન્ન કરે તે કરૂણિકી કહેવાય છે. આ કથામાં મુખ્યત્વે કરીને પુત્રાદિકના વિયોગથી દુ:ખી થયેલાં માતાદિક સ્વજનોએ કરેલ વિલાપ હોય તે, છઠ્ઠી કુતીર્થીઓના જ્ઞાનાદિક અતિશય જોઇ તેની પ્રશંસા કરવી કે જે સાંભળવાથી સાંભળનારને તે દર્શન ઉપર પ્રીતિ થાય તેથી તેના સમ્યકત્વનો નાશ થાય જેથી તેવી કથા કરવી યોગ્ય નથી. હાલના સમયમાં પ્રમાદની બહોળતા હોવાથી, અતિચારો ઘણા લાગવાથી, અતિચારનું-પ્રાયશ્ચિતને આપનાર આચાર્ય કે તેવા પ્રાયશ્ચિતને કરનાર સાધુ, સાધ્વીનો અભાવ હોવાથી પંચ મહાવ્રતો સંભવતા નથી, વગેરે વાતો કરવાથી જેણે ચારિત્ર ગ્રહણ કરેલું હોય તે તેનાથી વિમુખ થઇ જાય, અને વખતે ચારિત્ર લેવા ઇચ્છનાર પણ વિમુખ થાય તેથી ચારિત્રનો નાશ થાય તેથી તેવી કથા પણ વિકથા હોઇ તે કરવી નહિં. તેથી ધર્મરત્ન લાયક થવા ઇચ્છનાર મનુષ્યે વિકથાનો ત્યાગ કરી તીર્થંકર, ગણધર અને મહર્ષિઓના ચરિત્રવિષયવાળી કથા કરવી અને સાંભળવી કે જેથી તે ધર્મરત્નને યોગ્ય થઇ શકે.

જેનો પરિવાર અનુકૂળ-ધર્મમાં વિઘ્ન ન કરે તેવો, ધર્મશીળ, ધાર્મિક, અને સદાચારનું સેવન કરનાર આવા પરિવારવાળો હોય તે **સુપક્ષ** કહેવાય છે, તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૌદમો ગુણ એટલા માટે કહેવામાં આવેલ છે કે આવો પુરૂષજ વિઘ્ન રહિત ધર્મક્રિયા કરી શકે છે અને તેવો સુપક્ષ તે પુરૂષને ધર્મકાર્ય કરતાં તેને ઉત્સાહ પમાડે છે સહાયકારક થાય છે. દરેક મનુષ્યે પોતાના પરિવારને કેળવી આવું બનાવવું જોઈએ કે જેથી તે પુરૂષ ધર્મરત્નને યોગ્ય હોઈ શકે.

જે જે કાર્ય પરિણામે સુંદર હોય, જે કરતાં ઘણો લાભ અને અલ્પ કલેશ હોય, તથા ઘણા માણસોને વખાણવા લાયક હોય, તે તે સર્વ કાર્યોનો આ પંદરમા ગુણ **દીર્ઘ દષ્ટિવાળો** મનુષ્ય આરંભ કરે છે. સાથે પોતાની યોગ્યતાનો તથા શુભ અનુબંધ પરિણામનો પણ તે વિચાર સાવધાનતાથી કરી શકે છે, તેથીજ આ ગુણવાળો મનુષ્ય ધર્મરત્નને લાયક હોય છે.

સચિત્ત અચિત્ત દ્રવ્યોના અથવા ધર્મ અધર્મના હેતુરૂપ પદાર્થોના ગુણો તથા દોષોને પક્ષપાત રહિતપણે સ્વસ્થ અને મધ્યસ્થ ચિત્તે કરીને જે મનુષ્ય જાણે છે, તે ઉત્તમ ધર્મનો અધિકારી થાય છે, તેથીજ સોળમો **વિશેષજ્ઞ** નામા ગુણ કહેલો છે. આ ગુણવાળો મનુષ્ય નિષ્પક્ષપાતિ હોવાથી જ્યાં પોતાની મતિ હોય ત્યાં તે વિષય સિદ્ધ કરવા યુક્તિને ન શોધતાં જ્યાં યુક્તિ હોય જે વિષય યુક્તિ યુક્ત જણાતો હોય ત્યાં પોતાની બુદ્ધિને પ્રવર્ત્તાવે છે.

વૃદ્ધ મનુષ્ય પરિપકવ બુદ્ધિવાળા હોય છે, એટલે તે પરિણામે સુંદર મતિવાળા હોવાથી પાપાચારમાં પ્રવર્ત્તતાજ નથી જેથી તેને અનુસરનાર મનુષ્ય તેવોજ હોય છે; કારણકે ગુણો સંગત્તિથીજ પ્રાપ્ત થાય છે તેથી આ ગુણને **વૃદ્ધાનુગ**–વૃદ્ધને અનુસરનાર નામે સત્તરમો ગુણ કહેલો છે. સંગતથી ઉત્પન્ન થનારા ગુણો છે અને ઉત્તમ પુરૂષોનો સંગ શીળરહિત મનુષ્યને સદાચારી બનાવે છે એમ શાસ્ત્રમાં કહેલું છે તેથી આ ગુણવાળો મનુષ્ય ધર્મનો અધિકારી છે.

**વિનય** એ ધર્મનું મૂળ કહેલું છે. સત્યજ્ઞાન અને દર્શન વગેરે સર્વનું મૂળ વિનય છે અને તે ગુણો મોક્ષનું મૂળ છે. તેથીજ વિનય સર્વ ગુણોનું મૂળ હોઈ તે ગુણવાળો સંયમી થાય તે રહિત ધર્મ પાળી શકતો નથી તો મોક્ષ તો કયાંથી મેળવી શકે માટે વિનયવાન મનુષ્યજ નરરત્ન હોઇ ધર્મરત્નને લાયક આ ગુણ અઢારમો છે.

બીજાના કરેલા ઉપકારને વિસ્મરણ રહિત જાણે તે **કૃતજ્ઞ** નામનો ઓગણીશમો ગુણ છે. આવો પુરૂષ કૃતજ્ઞપણાથી ઉત્પન્ન થયેલા ગુરૂના બહુ માનથી ક્ષમા, જ્ઞાન વગેરે ગુણોની વૃદ્ધિ થાય છે. તેથી આ ગુણવાળા મનુષ્યને ધર્મને યોગ્ય કહેલો છે.

**પરહિતકારી** જે પ્રકૃતિએ કરીને બીજાઓનું હિત કરવામાં નિરંતર તત્પર હોય છે તે ધર્મ રૂપી ધનને લાયક હોવાથી ધન્ય છે. કારણકે આવા પુરૂષે સમ્યક્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારે ધર્મનું તત્ત્વ જાણેલું હોય છે, વળી તેનું ચિત્ત નિસ્પૃહ, પરોપકાર કરવામાં પ્રીતિવાળું, હૃદયની અતુચ્છતાવાળું, સત્યકથી, નિરંતર વિદ્યાના વિનોદિપણાવાળું અને અદીનપણાવાળું, આટલા ગુણો યુકત હોવાથી ધર્મરત્નને યોગ્ય થવાના ગુણોમાં તેને વીશમો ગુણ કહેલ છે.

એકવીશમા ગુણ **લબ્ધલક્ષ્ય** પુરૂષ સમગ્ર ધર્મકાર્યને સુખે કરીને જાણી શકે છે, તેથી તે ધર્મકાર્યને શીઘ્ર કરનારો, સુખે કરી શિખવવા લાયક અને થોડા કાળમાં શિક્ષાનો પારંગામી થાય છે. આવા ગુણયુક્ત મનુષ્યધર્મનો અધિકારી છે.

સંક્ષિપ્તમાં ઉપર જણાવેલા ગુણો યુક્ત મનુષ્ય ધર્મરૂપી ચિંતામણિ રત્નનો અધિકારી થઈ શકે છે. આ ગુણોનું વિસ્તારથી સ્વરૂપ અને કથાઓ શાસ્ત્રમાં ઘણે સ્થળે બતાવેલ છે. અહિં તો માત્ર સામાન્ય સ્વરૂપ બતાવી દરેક ભવ્યાત્માઓ આ ગુણો મેળવી ધર્મરત્નના અધિકારી થાઓ તેજ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના. V.

# જૈન મહાત્માઓની કેટલીએક ભાવનાઓ.

આ પૃથ્વી ઉપર ચાલતા અનેક ધર્મોમાં મહાત્માઓ થઇ ગયા છે. તે સર્વ મહાત્માઓએ આ વિશ્વના જીવોને માટે જુદી જુદી ભાવનાઓ દર્શાવી છે અને સર્વને પોતપોતાની માન્યતા પ્રમાણે આત્માના ઉચ્ચ ગુણોનું દર્શન કરાવેલું છે. પરંતુ તે સર્વમાં જૈન મહાત્માઓની ભાવનાનું બળ લોકોત્તર ગણાયેલું છે અને તે ભાવનાની સૃષ્ટિને માટે વિશ્વના મોટા મોટા વિદ્વાનોએ પોતાના હૃદયનો સંપૂર્ણ સંતોષ પ્રગટ કરેલો છે. તેઓમાંથી કેટલીએક ઉચ્ચ ભાવનાઓ આ સ્થળે પ્રસિદ્ધ કરવાની આવશ્યકતા લાગવાથી ક્રમવાર આપી છે.

* * *

## ભાવના ૧ લી.

**મનુષ્યત્વ**–એ આત્મબળ મેળવવાનું ઉંચામાં ઉંચું સાધન છે. જો તે પૂર્ણત્વને પ્રાપ્ત થયું હોય તો તે બીલોરી કાચના સ્વચ્છ અરિસા જેવું બને છે પછી તેની અંદર આત્માનું સંપૂર્ણ પ્રતિબિંબ પ્રકાશે છે. જગતના સર્વ જીવો એવા પૂર્ણ મનુષ્યત્વને પ્રાપ્ત કરો.

* * *

## ભાવના ૨ જી.

જ્યારે મમત્વ અને અહંભાવની વૃત્તિ શાંત પામી જાય, ત્યારે તે પવન વિનાના સ્થાનમાં રહેલા દીપકની પેઠે મનોવૃત્તિને સ્થિરતા મળે છે. પછી આ સંસારના મોહની વાસનાઓ–માયાની ભ્રમણાના સ્વરૂપો તેને સ્પર્શ કરી શકતી નથી. તેવા આત્માઓ બુદ્ધિમાં સ્થિર થઇ અધ્યાત્મમય બની પરમાત્માના તત્વમાં વિહાર કરે છે. વિશ્વના સમગ્ર પ્રાણીઓ એ દશા ભોગવો.

* * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાવના ૩ જી.

જેમ આકાશ અવિચળ અને નિર્વિકારી છે તેમાં વિકાર પામનાર–ગતિ કરનાર માત્ર વાદળ છે. તેવીજ રીતે સર્વ આત્મા મૂલસ્વરૂપે નિર્વિકાર છે–સંપૂર્ણ છે. કર્મોની વર્ગણાઓ તેને ગતિ કે વિકારમાં દેખાડે છે. આત્મ સ્વભાવમાં રૂપાંતર કરી શકવા કોઇ પણ વસ્તુ સમર્થ નથી. 'હું આવો છું અને આવો થઉં.' આ સર્વ આભાસ માત્ર છે, વાસ્તવિક રીતે આત્માને કશાની આવશ્યકતા છે જ નહીં. તે આત્માની સત્તા સર્વ ઉપર છે, આત્માનો પ્રભાવ અનિર્વચનીય છે. તે સર્વદા પરિપૂર્ણ છે. આવી ભાવનાનો સર્વ જન અનુભવ કરો.

* * *

## ભાવના ૪ થી.

જીવનની મહત્તા સમતામાંજ છે. સમગ્ર શાસ્ત્રરૂપ ઉદધિમાંથી મથન કરીને સમતારૂપ અમૃત કાઢેલું છે. આત્મગુણરૂપી મહાગિરિનું શિખર સમતા છે. તે ઉપર ચડવાને ગુરૂસેવા, જ્ઞાનાભ્યાસ અને તત્વનું ચિંતવન–એ ત્રણ પગથીયા છે. એ સમતાના શિખર ઉપર ચડેલો આત્મા મોક્ષ સુખની સાથે એકતા, અભેદ ભાવ અને એકાકાર વૃત્તિ મેળવી પરમ શાંતિનો આનંદ મેળવે છે. તે આનંદ સર્વ મનુષ્યોને પ્રાપ્ત થાઓ.

* * *

## ભાવના ૫ મી.

વિશ્વોપકારી ભગવાન્ જિનેંદ્રોએ ભવ્ય પ્રાણીઓને મોક્ષનગર પહોંચવા માટે ધર્મરૂપી સુંદર રથ આપ્યો છે. તે રથને જોડવાના જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ અશ્વો છે, તેમાં ગુરૂરૂપી સારથી નિમાએલ છે. અસ્ખલિત વહન કરાતો તે ધર્મરથ ભવ્યાત્માઓને મોક્ષનગરમાં જલદી પોહોંચાડે છે. એ સુંદરરથ સર્વ આત્માઓને પ્રાપ્ત થાઓ.

* * *

## ભાવના ૬ ઠ્ઠી.

જે મનુષ્ય બીજાને દુઃખી કરવા જાય છે, તે પ્રથમ પોતાનેજ દુઃખી કરે છે. જો તે બીજા ઉપર પ્રેમ રાખે છે તો એ પ્રેમાનંદનો અનુભવ તેનેજ મળે છે. કોઇના દ્વેષનો વિચાર મનમાં ઉદ્ભવ પામે તે જેટલો તેને હાનિકારક છે, તેટલોજ તેને પોતાને હાનિકારક થશે. બીજા ઉપર કરેલો પ્રેમ તેને પ્રેમસ્વરૂપે પાછો મળશે. દરેક મનુષ્ય પોતેજ અનંત આત્મ સ્વરૂપ છે. આ વિચાર દરેક મનુષ્યને પ્રાપ્ત થાઓ.

* * *

## ભાવના ૭ મી.

સમાજમાં ભિન્ન–ભિન્ન સર્વ ક્ષેત્રોમાં જણાઇ આવતી લોકોત્તર બુદ્ધિ શક્તિ કે જે ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે, તે મનુષ્યના હૃદયમાં નિવાસ કરતી ચૈતન્ય શક્તિનુંજ દશ્ય ફળ છે, તેનું આદિ સ્વરૂપ મનુષ્યનાં મનમાંજ રચાય છે. મનુષ્યનું મન વસ્તુતઃ જ્ઞાનસ્વરૂપજ છે. તેને ઓળખવાનો પ્રયત્ન કરવાની આવશ્યકતા છે, એવું મનન દરેક ભવ્ય પ્રાણી કર્યા કરો.

* * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાવના ૮ મી.

મનુષ્યને ચારિત્રનો લાભ અતિદુર્લભ છે. પરંતુ તે પ્રાપ્ત થયા પછી સંયમના સર્વ યોગોની વિરાધના ન થવી જોઇએ. સંયમના યોગોની વિરાધના થાય તો પછી મુનિનું રક્ષણ કરવાને કોઇ પણ સમર્થ થઇ શકતું નથી. તેથી સર્વ ભવ્ય મનુષ્યો ચારિત્ર ગુણ મેળવી સંયમની વિરાધના કરો નહી.

* * *

## ભાવના ૯ મી.

સર્વ વિશ્વને આત્મરૂપે જોવું, એજ મનુષ્યના કર્ત્તવ્યની અંતિમ ભૂમિકા છે. મનુષ્યના અંતઃકરણની ગુહામાં ગુહ્ય ગુફામાં આત્માનો વાસ છે. શરીર આવે છે, જાય છે, સુખ દુઃખ છાયાની પેઠે આવે છે, ઉડી જાય છે અને અનંતકાલ ચાલ્યો જાય છે, તો પણ મનુષ્યના અંતરમાં જે અજરામર તત્વ છે, તે સદા એક રસરૂપેજ વિરાજમાન છે, આ વિચારો સર્વ આત્માઓના હૃદય ઉપર આરૂઢ થાઓ.

* * *

## ભાવના ૧૦ મી.

લોકો પુદ્‌ગલિક વસ્તુઓની આશા રાખી પ્રભુની પ્રાર્થના કરે છે. એ તેની મૂર્ખતા છે. મનુષ્યે સર્વજ્ઞ પ્રભુ પાસે મહાન્ વસ્તુની પ્રાર્થના કરવી જોઇએ, જ્ઞાનની યાચના કરવી જોઇએ. નિષ્કામ પ્રેમની યાચના કરવી જોઇએ, જ્યારે એ મહાન્ પ્રભુના દર્શનની ભાવના સફલ થાય તો પછી બીજી શી વસ્તુની અપેક્ષા રહે ? આ વિચાર પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સ્ફુર્યા કરો.

* * *

## ભાવના ૧૧ મી.

સંસારસાગરને તરવામાં દરેક મનુષ્યે ધર્મરૂપી વહાણ ઉપર ચડવાનું છે. તેમાં ચડયા પછી મનુષ્યને મનરૂપી પિશાચ લલચાવવા આવે છે. જો મનુષ્ય તે પિશાચને તાબે થઇ જાય તો તે મનુષ્યને વહાણમાંથી નીચે ફેંકી દે છે. તેથી પ્રત્યેક મનુષ્યે તે મનરૂપ પિશાચને તાબે થવું ન જોઇએ. આ ભાવના સર્વ મનુષ્યો ભાવ્યા કરો.

* * *

## ભાવના ૧૨ મી.

જો મનુષ્ય મનરૂપી શત્રુને તાબે થઇ જાય છે, તો તે મહાન્ શત્રુ વચન અને કાયાને પોતાના પક્ષમાં લઇ લે છે, પછી મન, વચન અને કાયારૂપી ત્રણ શત્રુઓ એકઠા થઇ મનુષ્યને દુર્ગતિના અંધ કૂપમાં ફેંકી દે છે. આ સુવિચાર ભવ્યાત્માઓના હૃદયમાં સદા જાગ્રત રહો.

* * *

## ભાવના ૧૩ મી.

પ્રાણી માત્રની હિલચાલ કર્મને આધીન છે. તેમના સંસારમાં રમતી વ્યવહારિક બુદ્ધિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેરણા કરનાર કર્મ છે. એ કર્મના બળ આગળ બીજી શક્તિઓ પામર છે. એ કર્મનું શુભ બળ પ્રાપ્ત થાય ત્યારેજ મનુષ્યના હૃદયમાં શુભ ભાવના પ્રગટે છે અને તે ભાવના મુક્તિની જિજ્ઞાસાને વધારે સતેજ કરે છે. આ સર્વોત્તમ બોધ સર્વ આત્માઓને સુલભ થાઓ.

* * *

## ભાવના ૧૪ મી.

મનને તાબે કરવાના પાંચ ઉપાયો મુખ્ય છે. સ્વાધ્યાય, યોગવહન, ચારિત્ર, બારભાવના અને મન, વચન કાયાના શુભાશુભ પ્રવૃત્તિના ફલનું ચિંતવન આ પાંચ ઉપાય રૂપ શસ્ત્રોને ધારણ કરનાર વીરનર મન રિપુને સત્વર તાબે કરી લે છે. આ સૂચના પ્રત્યેક ભવી આત્માના જાણવામાં આવો.

* * *

## ભાવના ૧૫ મી.

દુઃખની સાથે સુખ અને સુખની સાથે દુઃખ ગુંથાયલું છે. જેમ દુઃખથી દૂર ખસવું યોગ્ય છે તેમ સુખને પણ દૂરથી નમસ્કાર કરવા યોગ્ય છે. કારણ કે, તે બંને એકજ માતાના પુત્રો છે. જેમ દુઃખની પાછળ ભટકવું, એ પણ તેની મહત્તાને કલંકરૂપ છે, તેમજ સુખની પાછળ ભટકવું, એ પણ મનુષ્યની મહત્તાને લાંછનરૂપ છે. બુદ્ધિમાન્ પુરૂષે સુખ તેમજ દુઃખ ઉભયને સમાન માની ઉભય તરફ ઉપેક્ષા વૃત્તિ કરવી યોગ્ય છે. આ વચનામૃતોનો અનુભવ દરેક મનુષ્યને પ્રાપ્ત થાઓ.

* * *

## ભાવના ૧૬ મી.

આ સંસારમાં સુખ અને દુઃખને જુદા કરી શકાતા નથી, તે ઉભય એક મુદ્રાની બે બાજુ છે. જ્યાં સુધી એ મુદ્રા હસ્તીમાં છે, ત્યાં સુધી એ બંને બાજુઓની હસ્તી હોવાનીજ. જે સુખને શોધે છે, તેણે દુઃખને પણ ભેટવુંજ જોઇએ. આ સંસારમાં જ્યારે સુખ અને દુઃખ ઉભય સહચારી છે, ત્યારે માત્ર સુખજ આપણુને મળે એમ ઇચ્છવું, એ કેટલું ખોટું છે? આ ઇચ્છાજ આપણાં દુઃખનું મૂળ છે. પ્રત્યેક મનુષ્ય આ ભાવનાને હૃદયમાં સ્થાપિત કરો.

* * *

## ભાવના ૧૭ મી.

પ્રત્યેક જીવ આત્મા છે, પ્રત્યેકની સાથે આપણો સંબંધ છે. પ્રત્યેકના અંતરમાં આશા છે. પ્રત્યેક કોઇપણ સુખની ઇચ્છા રાખે છે. પ્રત્યેકને પ્રેરણા કરનાર કર્મ છે. દરેક આપણાં બંધુ છે, કોઇની સાથે આપણે વૈરભાવ નથી. પ્રત્યેકના સુખ દુઃખમાં પ્રત્યેકનો સરખો ભાગ છે, આ ભાવના દરેક મનુષ્યબંધુ ભાવ્યા કરો.

* * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાવના ૧૮ મી.

આ વિશ્વમાં જે જે જડ પદાર્થો છે, તે સર્વ પુદ્ગલિક છે અને મર્યાદિત છે અને મર્યાદાના પ્રમાણમાં તે સર્વે બંધનોથી જકડાયેલા છે. ફક્ત એક ચૈતન્યજ શુદ્ધ અને નિઃસીમ છે. સર્વ જીવોનું જીવન પણ ચૈતન્ય છે. તેને ઓળખવાને પ્રત્યેક પ્રાણી પ્રયત્ન કરો.

* * *

## ભાવના ૧૯ મી.

' હે પ્રભુ, તારી આનંદઘન મૂર્ત્તિ જોઇ અમારી ભાવના ઉભરાઇ જાય છે, આ સંસારના સર્વ જીવોનો ઉદ્ધાર તારા સ્વરૂપની ભાવનાથીજ થાય છે. હે નિરંજન, અમે અમારૂં સર્વસ્વ તને અર્પણ કર્યું છે. અમારા સારાં કે માઠાં કૃત્યોની ક્ષમા તારી ભાવનામાંજ રહેલી છે. તારૂં શરણુજ પ્રાણીઓનો ઉદ્ધાર કરનાર છે. આવી પ્રાર્થના સર્વ પ્રાણીઓના મુખથી ઉચ્ચારાઓ.

* * *

## ભાવના ૨૦ મી.

પ્રત્યેક મનુષ્યે વિચારવું જોઇએ કે, આપણે ઉંચામાં ઉંચી મનુષ્ય ભવની ભૂમિકામાં આવ્યા છીએ. આ ભૂમિકા આપણા પ્રિયતમ પ્રભુની ભક્તિ કરવાનું મહાન્ સાધન છે. તે મહાન્ લાભનો અનાદર આપણે ન કરવો જોઇએ. હાથ આવેલો હીરો ગુમાવવો ન જોઇએ. આ ભૂમિકા ઉપર રહી આપણે પ્રભુની ધર્મમય પ્રતિમાના દર્શન કરી શકીશું. આ ભૂમિકા ક્ષુદ્ર જીવોની નથી પણ વિશ્વવિજયી વીરની ભૂમિકા છે, મોક્ષના મેહેલ ઉપર ચડવાનો આ દાદર છે. અહીંથી ચડીને આપણે પરમ સુખના–અમૃતના ભોક્તા થઇ શકીશું. પરમ જિજ્ઞાસા સાથે દૃઢતા અને શ્રદ્ધારૂપ કુંચીથી પરમાત્માના ધામના અમરદ્વાર ઉઘડાવવાને આપણે સમર્થ થઇ શકીશું. આપણામાં ભાવનાનું જેટલું બલ હોય તેનો ઉપયોગ આ સ્થળે આપણે કરી શકીશું. આ સદ્દવિચાર સર્વ મનુષ્ય પ્રાણીઓના હૃદયમાં વર્ણા કરો.

* * *

## ભાવના ૨૧ મી.

જૈન આગમનો ઉદ્દેશ આત્મા અને પુદ્ગળોનો સંબંધ અને ભેદ બતાવવાનો છે. પુદ્ગળ દ્રવ્યનું સ્વરૂપ, કર્મપ્રકૃતિનું સ્વરૂપ, કર્મવર્ગણાનું સ્વરૂપ, તેના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા. તેની મૂળ આઠ અને એકસો અઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિઓ તેઓનું જુદે જુદે ગુણસ્થાનકે ન્યૂનાધિકતા, એ સર્વની પ્રેરણાથી ખેલાતું આ સંસારનું નાટક છે. એ નાટકના ખેલમાંથી વિરામ પામવાનો પ્રયત્ન કરવા એ પ્રત્યેક પ્રાણીનું કર્ત્તવ્ય છે. આ કર્તવ્ય તરફ સર્વની મનોવૃત્તિ તત્પર બનો.

સંગ્રાહક—**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાંસારિક જીવન.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૨૬૧ થી શરૂ )

આજકાલના યુવકોને ઘણે ભાગે સત્સંગતિ મળતીજ નથી. સ્કુલો અને કોલેજોમાં ઘણે ભાગે સૌ બાળકો સમાનજ હોય છે, તેઓ સત્સંગતિનું આટલું બધું મહત્વ જાણતા હોતા નથી તેમજ તેઓને સંસારનો વિશાળ અનુભવ પણ હોતો નથી. ઘણે ભાગે સાધારણ સ્થિતિના બાળકો પોતાથી કોઇ અધિક સંપન્ન બાળકની સંગતિ કરે છે અને પોતાના દુર્ગુણો એનામાં અને એના દુર્ગુણો પોતામાં ભરાવા લાગે છે. ધનવાન લોકોના બાળકો ઘણે ભાગે અપવ્યયી હોય છે. અને તેઓની દેખાદેખીથી સાધારણ સ્થિતિના બાળકો એવાજ બને છે. આજકાલના યુવકો કોઇ પ્રકારનું કામ ન કરવું અને પોતાની શકિત કરતાં અધિક વ્યય કરવો એ એક જાતની ફેશન સમજે છે અને એ બંને બાબતો તેઓના શેષ જીવનને બંને રીતે નષ્ટ કરી મુકે છે. આજતો અમુક ગૃહસ્થને ત્યાં પાર્ટી છે, જો ત્યાં નહિ જઇએ તો ખોટું લાગશે. ગયે શનિવારે અમુક મિત્ર મને નાટક જોવા લઈ ગયો હતો, તેટલા માટે કાલે મારે એને નાટક જોવા લઇ જવો જોઇએ. બે ચાર મિત્રો બહાર ગામથી આવ્યા છે. તેઓને શહેરમાં ફરવા હરવા નહિં લઇ જાઉં તો તેઓ મારે માટે શું ધારશે ? બસ, આવી જાતની વાતોમાંજ તેઓ પોતાનો બધો સમય ગુમાવે છે. આ રીતે ધનવાનોના બાળકોના સંસર્ગથી સાધારણ સ્થિતિના બાળકો બગડે છે અને સાધારણ સ્થિતિના બાળકોના સંસર્ગથી ધનવાનોના બાળકો બગડે છે.

ધનવાનના મિત્ર ઘણા થવા આવે છે, પરંતુ વિપત્તિ કાળમાં વાસ્તવિક સહાયતા અથવા સંમતિ આપનાર એકપણુ નથી હોતો. એ મનુષ્યની દુર્દશાનું અનુમાન તો કરો કે જેની સાથે સારી સ્થિતિમાં અનેક માણસો રાત–દિવસ મોજમજા કરતા હતા અને જેના વિપત્તિ કાળમાં તેમાંના એકના પણ દર્શન નથઃ થતા. પરંતુ સત્સંગતિમાં આમ નથી બનતું. જે મનુષ્ય સત્સંગતિમાંજ રહે છે તેના ઉપર કદિ કોઇ વિપત્તિ આવી પડે તો પણ તેની સાથે રહેનારા તેને બનતી સહાય કરે છે, અને તે સાથે બીજા લોકો પણ તેને સહાય કરવા તૈયાર થઇ જાય છે. વિપત્તિકાળમાં હમેશાં–સારા લોકોજ સહાયક બને છે. પરંતુ જે મનુષ્ય સારા માણસોની સંગતિ જ નથી કરતો તેને વિપત્તિ કાળમાં કોણ સહાય કરવા આવવાનું હતું ? એટલા માટે બાલ્યાવસ્થાથીજ બાળકોને સત્સંગતિમાં રાખવાના પ્રયત્ન કરવાની પરમ આવશ્યકતા છે. જો શરૂઆતથીજ બાળકો હલકા માણસોની સાથે સંગતિ કરશે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી મોટા થતાં સારા લોકોની સંગતિમાં રહેવાનું તેને ઘણું આકરૂં લાગશે, તેને સારા માણસોની સંગતિ ગમશે પણ નહિ, અને કદાપિ કોઇ રીતે તે સારા લોકોની સાથે બેસવા ઉઠવા લાગશે તો પણ તેનું કશું સારૂં પરિણામ નહિ આવે, બાલ્યાવસ્થાના દૂષિત સંસ્કાર તેને કદિપણ સુધરવા દેશે નહિ. અભિમાન, ચંચલતા, અસ્થિરતા આદિ જે જે દોષો છે તે સર્વનો નાશ સત્સંગતિથી સ્હેલાઇથી થઇ જાય છે. જો મનુષ્ય સાધારણ લોકોની સોબતમાં રહેશે તો તે સ્વાભાવિક રીતેજ પોતાને બીજાઓથી મોટો લાયક અને બુદ્ધિમાન સમજશે અને તેવી સ્થિતિમાં તે પોતાની યોગ્યતા અથવા વિદ્યા આદિમાં વધારો કરવાનો પ્રયત્ન કરશે નહિ, પરંતુ જો તે પોતાની કરતાં વધારે શ્રેષ્ટ વિદ્વાન અને સુયોગ્ય મનુષ્યની સાથે રહેશે તો તે તેના જેવા બનવાનો પ્રયત્ન કરશે. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે સત્સંગતિથી મિથ્યાભિમાન દૂર થઇ જાય છે અને આત્મોત્કર્ષ સાધી શકાય છે.

આ પ્રસંગે વૃથાભિમાન, ચંચળતા, ઇર્ષ્યા તથા સ્વભાવના બીજા દોષોના સંબંધમાં પણ થોડું કહેવાની આવશ્યકતા જણાય છે. બધા પ્રકારના દોષોની સાથે સરખાવતાં મનુષ્યો ઉપર અભિમાનનો વિશેષ અધિકાર રહેલો છે અને એજ દોષ તેની દુર્બલતાનું મોટામાં મોટું પ્રમાણ છે. તે ઉપરાંત અભિમાન માણસને અંધ બનાવી મુકે છે. જે મનુષ્ય અભિમાની હોય છે તેને સારા નરસાનું કશું ભાન રહેતું નથી. અભિમાની મનુષ્ય હમેશાં પોતાનેજ જોયા કરે છે, બીજાનું નિરીક્ષણ કરવાનો તેને સમય નથી મળતો જેનું દુષ્પરિણામ એ આવે છે કે તે સંસારના જ્ઞાન અને અનુભવથી વંચિત રહે છે. અભિમાની મનુષ્ય કદિ પણ આત્મોન્નતિ સાધી શકતો નથી, કેમકે તેનો ઘણો ખરો સમય આપ બડાઇમાં અને હવાઇ કિલ્લા બાંધવામાં જ વીતી જાય છે. તે ઉપરાંત જે હેતુથી મનુષ્ય અભિમાન કરે છે તે હેતુની પણ પૂર્તિ નથી થતી. અભિમાની મનુષ્ય લોકો ઉપર પોતાની યોગ્યતા અને સામર્થ્યનું પ્રકટન કરવા ઇચ્છે છે, પરંતુ પરિણામ તદ્દન ઉલટુંજ આવે છે, લોકો એને નાલાયક અને મૂર્ખ સમજવા લાગે છે. આપણા દ્રવ્ય, વિદ્યા વિગેરેનો જ્યાંસુધી આપણે સદુપયોગ નથી કરતા ત્યાંસુધી સર્વ સાધારણ લોકોને નથી ખબર પડી શકતી કે વસ્તુતઃ આપણે કેટલા ધનવાન અથવા વિદ્વાન છીએ. સાધારણ ભલા માણસોની સાથે વાત કરવામાં આપણે હલકાઈ સમજીએ અને રસ્તે ચાલતાં બીજાને કષ્ટ પહોંચાડીએ તો તેનાથી આપણી આબરૂ વધતી નથી તેમજ બીજાને મૂર્ખ અથવા અજ્ઞાન કહેવાથી આપણી વિદ્વતા પ્રકટ થતી નથી. આપણે ખરેખરા ધનવાન અથવા વિદ્વાન ત્યારેજ કહેવાઈએ કે જ્યારે આપણે આપણાં ધન અથવા વિદ્યાનો સદુપયોગ કરીયે—એનો લાભ બીજાઓને આપીએ. નહિતો લોકો આપણી દશા જોઇને હસશે અને સંભવિત છે કે આપણી તરફ ઘૃણા પણ બતાવશે. જ્યારે કોઇ અભિમાની માણસ પોતાની યોગ્યતા આદિનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બડાઈ મારવા લાગે છે ત્યારે તે એમ સમજે છે કે મારી આ વાતોથી લોકો ઘણા પ્રસન્ન બને છે; પરંતુ ખરી રીતે તેની વાતો સાંભળીને કાંતો લોકોનું ચિત્ત દુ:ખી બને છે અને કાંતો તેઓ તેની હાંસી કરવા લાગે છે; પરંતુ જે મનુષ્ય ખરેખરી રીતે કોઇ સારૂં કાર્ય કરે છે તેની પ્રશંસા સર્વ લોકો આપોઆપ કરવા લાગે છે, વૃથાભિમાનનો દોષ પ્રાયે કરીને યુવાવસ્થામાંજ લાગે છે, એટલા માટે યુવકોએ તેમાંથી બચવાને હંમેશાં પ્રયત્ન શીલ રહેવાની જરૂર છે. સજ્જનો અને મહાપુરૂષોની સંગતિ એ દોષથી ઘણીજ સ્હેલાઇથી મનુષ્યને બચાવી શકે છે, પરંતુ નિમ્ન કોટિના મનુષ્યોની સાથે રહેવાથી એ દોષ ઉલ્ટો વધ્યે જાય છે.

સંસારમાં એવા અનેક લોકો હોય છે કે જેઓ બીજાઓનો ઉત્કર્ષ અથવા કીર્તિ જોઇને મનમાં ઘણાં જ દુ:ખી થાય છે અને તેઓનાં સાચા ખોટા દોષ અથવા દુર્ગુણ શોધી કાઢીને તેઓને લોકોની દૃષ્ટિમાં હલકા પાડવાના પ્રયત્ન કરે છે. મોટા લોકોની બરાબરી કરવાના બે માર્ગજ હોઈ શકે. કાંતો આપણે સ્વયં ઉન્નતિ કરીને તેની જેવા થઈ જઇયે અથવા કાંતો તેઓને કોઇ ને કોઇ રીતે હલકા પાડીને આપણે તેની જેવા થઇયે. પ્રથમ માર્ગ તો અત્યંત મુશ્કેલ છે, કેમકે એમાં અધિક પરિશ્રમ અને સદ્‌ગુણોની આવશ્યક્તા રહેલી છે, એટલા માટે લોકો ઘણે ભાગે બીજા માર્ગનુંજ અવલંબન કરે છે. પરંતુ વૃથાભિમાનની માફક એ બીજા માર્ગનું અવલંબન કેવળ નિરર્થક જાય છે એટલુંજ નહિ પણ તેનું પરિણામ ઉલ્ટું જ આવે છે. જો કોઇ નીચ મનુષ્ય કોઇ સજ્જનનું ખોટું બદનામ કરે અથવા એની હાંસી કરતો ફરે તો એ સજ્જનને કશી હાનિ થતી નથી. પરંતુ એ બદનામી કરનારની અથવા હાંસી કરનારની નીચતા સર્વ લોકો ઉપર જરૂર પ્રકટ થાય છે. સમજુ મનુષ્યો તો તેઓના એવાં કાર્યોમાંથી પણ લાભ જ મેળવે છે. તેઓ નીચ પુરૂષોના દોષો જોઇને સચેત થઇ જાય છે અને સ્વયં તેનાથી બચી જાય છે. એક વિદ્વાન મહાશયે કહ્યું છે કે જો મહાપુરૂષોનાં કાંઇ દોષ ન હોય તો નીચ પ્રકૃતિના મનુષ્યોને ઘણી મુશ્કેલી સહવી પડે છે. કેમકે તેઓને પોતાનો સમય ગાળવાનું કશું કાર્ય રહેતું નથી. તેમજ આપણે એમ પણ કહી શકીએ કે જો એવા નીચ મનુષ્યો ન હોય તો યોગ્ય મનુષ્યોને તેઓની નીચતા ઉપરથી બોધ ગ્રહણ કરવાની તક જ ન મળે.

આપણે હમેશાં બીજામાં જે કાંઇ સારૂં હોય તેની કદર કરવી જોઇએ. કેમકે આપણને સૌથી વધારે લાભ છે. દોષોનું દિગ્દર્શન અને આલોચન સાધારણ રીતે લોકોને દોષોનો ખ્યાલ આપે છે અને તે તરફ જ પ્રવૃત્ત કરે છે. આપણે તો હમેશાં એ જ જોવું જોઇએ કે અમુક મનુષ્યમાં કયા કયા ગુણો છે અને અમુક ઘટના અથવા બાબતમાંથી આપણે કેવું સારૂં પરિણામ મેળવી શકીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્ભાવ ઉત્પન્ન કરવા માટે અને આપણી જાતને સન્માર્ગમાં પ્રવૃત્ત કરવાં માટે એજ સૌથી સુંદર સાધન છે. એક મહાશયે એક નાટક લખ્યું હતું, જેમાં થોડા દોષ પણ હતા. તેના એક મિત્રે એ નાટકની સૂક્ષ્મ આલોચના કરી. તે પછી નાટકકાર મહાશયે તેને પૂછયું કે " તમે આ નાટકની અંદર કાંઇ ગુણ જોયા કે બધે દોષ જ માલુમ પડ્યા ? " તેના મિત્રે જવાબ આપ્યો કે " હા, કેમ નહિ ? તેની અંદર ગુણ પણ છે, પરંતુ દોષો અધિક પ્રમાણમાં છે. " તે ઉપરથી નાટકકારે કહ્યું કે " તો પછી ઉચિત તો એ છે કે તમારે એમાંથી ગુણ ગ્રહણ કરી લેવા જોઇએ અને વ્યર્થ દોષોની ચિંતા કરીને તમારે દુ:ખી ન થવું જોઇયે. "

આપણે હમેશાં એ જાણીને ખુશી થવું જોઈયે કે કાંટાની અંદર પણ સુંદર ફુલો થાય છે; આપણે એમ ધારી દુ:ખી ન થવું જોઇયે કે ફુલોની સાથે પણ કાંટા હોય છે. જો આપણે બરાબર ધ્યાન પૂર્વક અવલોકન કરીએ તો આપણને પ્રત્યેક વસ્તુમાં કોઇને કોઇ ગુણ અવશ્ય જણાશે જ. અથવા તેની અંદર કોઇ ગુણ ન હોય તો પણ કંઇક એવું અવશ્ય હશે કે જેમાંથી આપણને કંઇક સારૂં જાણવાનું તો મળશેજ અને કોઇ શુભ પરિણામ મેળવી શકીએ. એક વિદ્વાનને કોઇયે પૂછયું કે " મહાશય, આપે આટલી બધી વિદ્યા અને બુદ્ધિ ક્યાંથી મેળવ્યા ? " તેણે જવાબ આપ્યો કે " મૂર્ખો પાસેથી ! તેઓમાં જે જે મને ખરાબ જણાયું તે બધું મેં છોડી દીધું, " તાત્પર્ય એ છે કે આપણું ધ્યાન હમેશાં દરેક વસ્તુના ગુણ જોવા તરફ અને બોધ ગ્રહણ કરવા તરફ જ હોવું જોઇએ. અવગુણ શોધવામાં તો આપણે પ્રાય: કરીને બોધ ગ્રહણ કરવાના સુતક ગુમાવીએ છીએ. અથવા જો આપણી પ્રવૃત્તિ હમેશાં બોધ ગ્રહણ કરવા તરફ જ રહે તો આપણે અવગુણ જોઇને પણ તેમાંથી લાભ જ મેળવી શકીએ છીએ. જો આપણે આપણો એવો સિદ્ધાંત નક્કી કરીએ કે સર્વ વસ્તુઓ અને સર્વ ઘટનાઓમાંથી આપણે કાંઇને કાંઈ બોધ જ ગ્રહણ કરવો તો થોડા જ સમયમાં અને થોડા પરિશ્રમે આપણા અનુભવ જ્ઞાન અને સદ્ગુણો વિગેરેમાં ઘણો વધારો કરી શકીએ. મનુષ્ય હમેશાં એક જ નવો બોધ ગ્રહણ કરે તો તેનું મન થોડા જ દીવસોમાં સારી સારી વાતોનો ભંડાર બની જાય અને જો મહીનામાં એક પણ ગુણ ગ્રહણ કરે તો તેનું મન થોડા સમયમાં ગુણોની ખાણ બની જાય.

પ્રત્યેક મનુષ્યે સંસારના સર્વ કાર્યોમાં હમેશાં શાંત, પ્રસન્નચિત્ત અને ધીર રહેવું જોઇએ. ઘણા લોકોનો સ્વભાવ ઘણોજ ચ્હીડીયો હોય છે. ચ્હીડીયાપણાથી સૌથી મોટું નુકશાન તો એ થાય છે કે મનુષ્યનું સ્વાસ્થ્ય બગડી જાય છે. જે મનુષ્ય વાતવાતમાં પ્રતિક્ષણે ચીડાયા કરે છે તેનું સ્વાસ્થ્ય કદિ પણ સારૂં રહી શકતું નથી તેમજ તેનું આચરણ સુધરી શકતું નથી. ઘણા લોકો એવા જોવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે કે જેઓ આખો દિવસ પરિશ્રમ કરે છે અને સંધ્યા સમયે અંદર અંદર તકરાર કરીને પોતાનું લોહી તપાવે છે. એવા લોકોના ચ્હેરા ઉપર કદિ પણ તેજ અથવા કાન્તિ જોવામાં આવતી નથી અને તેઓ જે કાંઇ ખાય પીએ છે તે બધું ચ્હીડીયા પણાને લઈને લસ્મ થઇ જાય છે. એ ઉપરાંત જ્યાં સુધી આપણે શાંતિ અને પ્રફુલ્લચિત્ત નથી રહેતા ત્યાં સુધી આપણી શક્તિઓ કદિ પણ સારી રીતે કાર્ય કરી શકતી નથી. શાંતિ અને પ્રસન્નતાની સહાયથી આપણું ચિત્ત એકાગ્ર બને છે, આપણા નિશ્ચયમાં દૃઢતા આવે છે અને આપણી કાર્ય કરવાની શક્તિ ઘણીજ વધે છે. મનુષ્યના સદ્‌ગુણો તેમજ સદ્‌વૃત્તિઓના વિકાસ માટે એટલું જરૂરનું છે કે તેના હૃદય ઉપર કોઇ પણ પ્રકારનો બોજો ન હોવો જોઇએ. સંસારમાં ઘણા લોકોની ઉન્નતિ નથી થતી તેનું કારણ એ પણ છે કે તેઓના હૃદય દુઃખના નકામા બોજાથી દબાઇ ગયા હોય છે. આપણા ઉપર આ સર્વનું જે ખરાબ પરિણામ થાય છે તે તો થાયજ છે, ઘરનાં બાલબચ્ચાં ઉપર તે સર્વનો એથી પણ વધારે ખરાબ પ્રભાવ પડે છે. વારંવાર ખીજાવાથી, ગાળો દેવાથી, ઠપકો દેવાથી અને મારવાથી અનેક બાળકો બગડી જાય છે. બાળકો આજ્ઞાકારી, ઉચ્છૃંખલ અને કુમાર્ગી બને છે તેમાં માતા પિતાની એ બધી બાબતો સહાયભૂત બને છે. આખો દિવસ પીટવાથી કે ઠપકો આપવાથી બાળકો સુધરી શકતા નથી; પરંતુ જે માતા પિતા શાંતભાવ અને પ્રસન્ન હૃદયથી પોતાનાં બચ્ચાંઓને સીધા માર્ગપર લઇ જવાનો પ્રયત્ન કરે છે તેઓનાં બચ્ચાં સુધરે છે.

કેટલાક લોકોને એવો અભ્યાસ પડી ગયો હોય છે કે તેમાં હંમેશાં બાળકો, સંબંધીઓ, મિત્રો, નોકરો વિગેરે સૌના દોષજ જોયા કરે છે. ખરી રીતે કહીએ તો તેનાથી વધારે બગાડ થાય છે. એનાથી સદ્‌ગુણો અને સદ્‌ભાવોનો કેવળ નાશજ થાય છે, વૃદ્ધિ કદિપણ થઇ શકતી નથી. ઘણા લોકો જરા દોષ કે અવ્યવસ્થા કે ભૂલ જોઇને ખીજાઇ જાય છે અને બબડવા લાગે છે. આનું પરિણામ એ આવે છે કે સર્વ લોકો એવા માણસોથી દુઃખી રહે છે અને બને ત્યાં સુધી તેનાથી બચવાનો પ્રયત્ન કરે છે. એવે પ્રસંગે એમ જ કરવું ઘટે કે ઘણીજ શાંતિપૂર્વક મનુષ્યનું ધ્યાન એ અવ્યવસ્થા કે ભૂલ તરફ ખેંચવું જોઇએ. જે મનુષ્ય એમ નથી કરતો તેનું વજન જરા પણ પડતું નથી. સૌ સમજી જાય છે કે તેને એમ બગડવાની ટેવ પડી ગઇ છે આ રીતે અશાંત અને ક્ષુબ્ધ હૃદયવાળો માણસ કોઇ સારૂં કાર્ય કરવા માટે કોઇને પણ ઉત્તેજન આપી શકતો નથી. —( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચર્ચાપત્ર.

મે. અધિપતિ સાહેબ.

નીચેની બીના પ્રગટ કરી આભારી કરશોજી.

જૈન અંક પચીશમાં, ભાવસાર જ્ઞાતિનો ભેદ....વરતેજ મુકામે શ્રાવક ભાવસારોની વ્યકિત દિવસે દિવસે કમ થતી ગઇ છે. તે સંબંધે એક લેખ આવેલો છે. તત્ સંબંધી વિશેષ ખુલાસો:–જગડુ ચરિત્રમાં ભાવસારોની ઉત્પત્તિ સંબંધે કેટલુંક વિવેચન આપેલું છે. મૂળ ભાવસારોની ઉત્પત્તિ ક્ષત્રીયવંશમાથી હોવાનું સિદ્ધ થાય છે; કારણકે તેમાંથી કોઇ સોલંકી, કોઇ પરમાર, કોઇ ચૌહાણ વંશના હાલ મોજુદ છે. જગડુશાહ સંવત્ ૧૩૧૫ ની સાલમાં થઇ ગયા તેજ વખતે એટલે સંવત્ ૧૩૧૫, ૧૬, ૧૭ ની સાલની ધાતુની પ્રતિમાઓ ઘણા શહેરોમાં ભાવસાર વર્ગે ભરાવેલી હાલ મોજુદ જોવામાં આવે છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, ભાવસારવર્ગ જૈનશ્વેતાંબર ધર્મ જૂના વખતથી પાળતા આવ્યા છે.

ભાવસાર વર્ગનો બહોળો ભાગ ભાવનગર, વિશનગર, ખેડા, ધંધુકા, કોળીઆક, જામનગર, વરતેજ અને વાલુકડ વગેરે સ્થળે જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક છે. પરંતુ વરતેજ સિવાય કોઇ ભેદ ભાવ રાખતા નથી. ભાવનગર શહેરના વડવા નામે એક વિભાગમાં જે જૈનમંદિર આવેલું છે. તે ભાવસારના વૃદ્ધોએ પોતાની જાત મહેનતથી ચણાવવામાં મદદ કરેલી છે. તેવીજ રીતે વાલુકડના દહેરાસરજીમાં પણ ત્યાંના રહીશ ભાવસારોએ જાતિ ભોગ આપવાનું સાંભળેલું છે.

'જૂના પાનામાં દેવસૂરિના શિષ્ય મુનિ દેવાણંદ સંવત્ ૧૫૭૦ ના જેઠ વ. ૯ ગુરૂવાર' એ પાનામાં લખે છે કે–શ્રી પૂર્ણિમાપક્ષી શ્રી ધર્મઘોષસૂરિ તેમના શિષ્ય સુમતિસૂરિ થયા તેમની ચાર શાખા તેમાં પાંચમા પ્રધાનની સ્થાપના જ્યારે કીધી, તે વખતે કંકણ દેશે અઢાર લાખ જાળ માછીઓની તોડાવીને જીવદયાનો વાવટો ફરકાવ્યો, અને દશહજાર ભાવસારોને જૈન–શ્વેતાંબર મૂર્તિપૂજક બનાવ્યા. તેમાંથી મહારાજજીના ઉપદેશથી એક ભાવસાર ગૃહસ્થે શ્રી સિદ્ધાચલ ઉપર છીપાવશીની ટુંક બંધાવી જે હાલ મોજુદ સાક્ષી પૂરે છે.

વળી જગડુ ચરિત્રમાંથી નીચે પ્રમાણે વિશેષ માહિતી મળે છે કે–સર્ગ ૩ શ્લોક ૧૬, ૧૭, ૧૮, ૧૯ એમ ભાન કરાવે છે કે, ભાવસાર કુળમાં પવિત્ર એવી મદના રાણી હતી, તેણે ગુરૂના ઉપદેશથી ભાવપૂર્વક આયંબીલ (વર્ધમાન તપ) શરૂ કર્યો. તે મદનાને જગડુશાહના ગુરૂ શ્રીમાન્ પરમદેવસૂરિએ કહ્યું કે તું શુદ્ધ શ્રાવિકા બનેલી છે, અને તું જે વર્ધમાન તપ કરે છે, તે તપ દેવતાઓની કૃપા વગર અથવા તો પુન્યના ઉદયવિના મુનિરાજોને પણ પૂર્ણ થવો અશક્ય છે. એટલે સદહું તપ અનુમોદન કરવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પવિત્ર બાઇ શ્રાવિકા, સારા આચાર વિચારથી હમેશાં પવિત્ર રહેવાવાળી, ત્રિકાલ પૂજા કરવા વાળી હતી. અત્યારે પણ હાલમાં ભાવનગર તેમજ વરતેજમાં ઘણે ઠેકાણે ભાવસાર સ્ત્રીવર્ગ પૂજા કર્યા વિના જમતો પણ નથી. હવે તે મદના નિર્વિઘ્નપણે વર્ધમાન તપને કરતી હતી. એવા સમયની અંદર પૂર્વકર્માનુયોગે કોઈ એક વ્યંતર આવીને તેના તપને ધિક્કારવા લાગ્યો. તે ઉપરાંત તેના ઉપર દેદીપ્યમાન અગ્નિજ્વાળા મૂકી છતાં પણ પવિત્ર એવી મદના ચલાયમાન થઈ નહિ, અને થોડા વખતમાં પોતે સ્વર્ગનાં સુખ ભોગવવા લાગી હોય નહીં શું ? એવું અનુભવતી દુનિયામાં જાહેર થયું. આ ઉપરથી પણ પૂરવાર થાય છે કે ભાવસારવર્ગ પૂર્વે જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મનું યથાર્થ રીતે પાલન કરતા આવ્યા છે. ભાવનગર જેવામાં પણ વર્ધમાન તપ હાલ હયાતિ ધરાવે છે. પન્યાસજી મહારાજ ભક્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિ મહારાજ કાંચનવિજયજી મહારાજનાં ગૃહસ્થીપણાના માતુશ્રીએ વર્ધમાન તપ શરૂ કરેલો છે. તે મોજુદ છે.

આ ઉપરથી દરેક સાધુ સાધવીજીઓને વિનંતિ કરવામાં આવે છે કે ભાવસાર વર્ગ જે જૈનેતર બની ગયેલા છે, તેઓને ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવી પોતાને સ્થાનકે લાવવા પૂરતો યત્ન કરશોજી. તા. ૮–૭–૨૬ ।। એવં શાંતિ ।।

**( લેખક એક જૈન મુનિ )**

# વર્તમાન સમાચાર.

શહેર પાલનપુરમાં શ્રીમાન્ આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરિ મહારાજ**ના વિદ્વાન શિષ્ય **પન્યાસજી શ્રી લલિતવિજયજી** મહારાજ વગેરે મુનિવરો બિરાજમાન છે. તેઓશ્રીના અધ્યક્ષપણા નીચે ગયા જેઠ શુદ ૮ ના રોજ પ્રાતઃસ્મરણીય સ્વર્ગવાસી શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતી શ્રી ચતુર્વિધ સંઘે ઠાઠમાઠથી ઉજવી હતી. જેઠ શુદ ૩ ના રોજ મુનિશ્રી શિવવિજયજી તથા મુનિ શ્રી શિલવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી હતી.

* * *

પાદરા–જીલ્લા ગુજરાતમાં શાંતમૂર્તિ શ્રીમાન્ **હંસવિજયજી** મહારાજ તથા પંન્યાસજી શ્રી **સંપત્તવિજયજી** મહારાજ વગેરે મુનિરાજો બિરાજમાન છે. જેઠ શુદ ૮ ના રોજ કૃપાળુ શ્રી હંસવિજયજીના મહારાજ અધ્યક્ષપણા નીચે ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજ ( સૂરીશ્વરજી ) ની જયંતી શ્રી સંઘે ઉજવી હતી. અધ્યક્ષસ્થાને બિરાજતા મહારાજશ્રીએ ગુરૂરાજનું બોધદાયક ચરિત્ર કહી બતાવ્યું હતું. બપોરના શ્રી ગિરનાર તીર્થની પૂજા જિનાલયમાં ભણાવવામાં આવી હતી.

જેઠ શુદ ૧૩ ના રોજ મુનિશ્રી રમણિકવિજયજી તથા બે સાધ્વીજી મહારાજને વડી દીક્ષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવામાં આવી હતી. પૂજા–પ્રભાવના વગેરે થયા હતા. અમદાવાદ–જંબુસર–સુરત–વડોદરા વગેરે સ્થળેથી અનેક જૈન ભાઇઓ અને બ્હેનો લાભ લેવા આવ્યા હતા—

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ–પાલીતાણા.

આ સંસ્થા વિષે ઉલ્લેખ કરતાં મને પરમોલ્લાસ થાય છે. આ સંસ્થા જ્યારથી હસ્તીમાં આવી ત્યારથી તે આજદીન સુધીમાં તે ઉત્તરોત્તર પોતાની પ્રગતિમાં વૃદ્ધિંગત્ થયેલી છે, અર્થાત્ તે બીજમાંથી વૃક્ષરૂપે થઇ છે, અને તેના સંચાલકોના તેની પાછળ સતત્ પ્રયાસ તથા દેખરેખ અને શ્રી સંઘની તે પ્રત્યે સ્હાનુભૂતિ જોતાં તે વૃક્ષ ભવિષ્યમાં નવપલ્લવીત થવાની દરેક રીતે આશા રાખે છે. આ જોઇ દરેક સાધર્મિ બંધુઓને તે પરત્વે માનની દૃષ્ટિ ઉપસ્થિત થયા વિના રહેશે નહિ. આ સંસ્થાની સ્થાપના સં. ૧૯૬૮ ની સાલમાં પરમપૂજ્ય પુણ્યાત્મા ચારિત્રચુડામણી શ્રી ચારિત્રવિજયજી મહારાજના મુબારક હસ્તે થયેલી છે. સં. ૧૯૬૮ ના ભયંકર દુર્ભિક્ષ સમયે આપણા સીજાતા સ્વામીભાઇઓને દુષ્કાળની ભયંકર જ્વાળામાંથી બચાવવા તેમજ સાધન, સ્થિતિ અને સગવડના અભાવે તેમને કેળવણીથી બેનસીબ રહેતાં બચાવી તેમની શારિરીક, માનસિક અને અધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરી શાસનની ઉત્ક્રાંતિ કરવાના શુભાશયથી આ સંસ્થાનું સ્થાપન થએલું છે. આ સંસ્થામાં પ્રથમ સંસ્કૃત, પ્રાકૃત અને ધાર્મિક જ્ઞાન શીખવવામાં આવતું હતું, અને તેનું નામ શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત–પ્રાકૃત પાઠશાળા બોર્ડીંગ રાખવામાં આવ્યું હતું, આથી વ્યવહારિક જ્ઞાનના અભાવે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ લઇ શકતા નહોતા, તેમ વિદ્યાર્થીઓની પણ અવારનવાર ફેરબદલી થયા કરતી હતી. અને જોઇએ તેવું સંતોષકારક પરિણામ ન જણાતા જ્યારે આ સંસ્થાની લગામ હાલની કમીટીના સંચાલકોના હાથમાં આવી ત્યારે તેમણે આ સંસ્થાના ધ્યેયને વિસ્તૃત્ કરી સાથે વ્યવહારિક કેળવણીને અવકાશ આપી આ સંસ્થાનું નામ **શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ** રાખ્યું. વળી આ સંસ્થાના નામ પરિધાનમાં બીજો પણ આશય અંતર્ગત્ છે, અને તે એ કે એક તો આ સંસ્થા પૂજ્ય ગુરૂવર્ય શ્રી ચારિત્રવિજયજીના સુહસ્તથી ઉત્પન્ન થયેલી છે, અને દ્વિતીય આશય એ છે કે સદ્દગત્ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિશ્વરજીની ઘણા વખતથી એક જૈન ગુરૂકુળ સ્થાપવાની તીવ્ર અભિલાષા તેમના સુહૃદયાકાશમાં પ્રવર્તતી હતી, તેથી જ્યારે આ સંસ્થાના સંજોગોવશાત્ પાયા હચમચવાથી મર્હુમ ચારિત્રવિજયજી મહારાજે પુનરોદ્ધાર કરવા સદ્દગત્ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીને કહ્યું. તે વખતે સદ્દગત્ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીએ શ્રાદ્ધગુણસંપન્ન, શાસનપ્રેમી તેમના પરમ શ્રદ્ધાળુ ભક્ત શેઠ શ્રી જીવણચંદભાઇ ધરમચંદ ઝવેરી તથા શેઠ લલ્લુભાઇ કરમચંદને આ સંસ્થાનો ભાર ઉપાડી લઇ તેને જૈન ગુરૂકુળ નામ આપવાની હૃદયાનુગત્ અભિલાષા પ્રગટ કરી. તેથી તે શ્રદ્ધાળુ ભક્તોએ ગુરૂશ્રીની ઇચ્છાને અનુસરી આ સંસ્થાનું નામ **શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ** રાખ્યું, અને સારા પ્રતિષ્ઠિત કુલીન સદ્દગૃહસ્થોની વ્યવસ્થા માટે કમીટી નીમી. આ સંસ્થાનો સઘળો કારભાર સ્વહસ્ત લીધો. આ સંસ્થાના સં. ૧૯૮૦ ની સાલ સુધીના રિપોર્ટો બહાર પડી ચૂકયા છે. તે ઉપરથી તેના કાર્યની રૂપરેખા વાંચકવર્ગને વિદિત્ થયેલી હશે, અને તેનો સં. ૧૯૮૧ ની સાલનો રિપોર્ટ થોડા સમયમાં વાંચકના કરકમળમાં મુકવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના વાંચન-પરિશિલનથી તેની કાર્યની વાંચકવૃંદને ઝાંખી થયા સિવાય રહેશે નહિ. આ સંસ્થાનો વિગતવાર રિપોર્ટ થોડા વખતમાં બહાર પડનાર છે. એટલે તે સંબંધમાં વધુ ન લખતાં આ સંસ્થાના મર્હુમ સંસ્થાપક પૂજ્ય શ્રી ચારિત્રવિજયજી મહારાજનો આ સંસ્થા પ્રતિનો અવિશ્રાંત ઉદ્યોગ, અથાગ પરિશ્રમ અને પરમાર્થપરાયણના સંબંધી બે શબ્દ લખવા ઉચિત ધારૂં છું. આ સંસ્થાનું અત્યારે જે સ્વરૂપ જોઇએ છીએ તે મર્હુમ પૂજ્ય તેના સંસ્થાપકચારિત્ર-વિજયજી મહારાજના ભગીરથ પ્રયાસ અને સંસ્થા પરત્વે અપ્રતિમ સ્નેહનું જ તે પરિણામ છે. આ સંસ્થાથી શાસનસેવાના જે લાભો સંપાદન થયા છે, તે સર્વમાં મુખ્યરૂપે તો તેમના રત્નતુલ્ય, રત્નત્રય શિષ્યો છે. જેઓના નામ દર્શનવિજયજી, ન્યાયવિજયજી તથા ચારિત્રવિજયજી છે. જેઓની શાસનસેવા અત્યારે આપણી સમસ્ત સમાજમાં પ્રસરી રહેલી છે, તેઓ વિદ્વાન લેખક તેમજ પ્રસિદ્ધવક્તા છે. તેમનાથી જે શાસનની ઉત્ક્રાંતિ થાય છે તેના મૂળ નિમિત્તભૂત આ સંસ્થા છે, કારણ કે આ સંસ્થામાં રહી તેઓએ સદ્દજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને તેના પ્રભાવેજ તેઓશ્રીએ સંયમમાર્ગનું પરિધાન કરી શાસનને ઉજ્જવળ કરી રહ્યા છે. આ સંસ્થાની ભરમોખરાની વિશાળ જગ્યાની પ્રાપ્તિના સંબંધમાં જ્યારે આપણે વિચાર કરીશું ત્યારે આપણને તેના મર્હુમ સંસ્થાપક શ્રી ચારિત્રવિજયજી મહારાજ પરત્વે આનંદના અશ્રુ ઝર્યા સિવાય રહેશે નહિ. તેમના અતૂલ પરાક્રમ પરમાર્થ પરાયણતા અને રાજ્યભક્તિનું તે લાક્ષણિક જ્વલંત દૃષ્ટાંત છે. સં. ૧૯૬૯ ની સાલમાં પાલીતાણામાં ભયંકર જળપ્રકોપ થયો હતો, અને જે હોનારતમાં ઘણુંજ નુકશાન થયું હતું. આ ભયંકર જળપ્રકોપ વખતે મોતના મુખમાં ઉભારહી પરમોપગારી સદ્દગત્ સદ્દગુરૂ ચારિત્રવિજયજી મહારાજે આ પાઠશાળાના ગૃહથી તે સામેના આવાસે ગૃહસુધી દોરડાઓ બંધાવી અનેક આત્માઓની જીંદગી પાણીના પુર જોસમાં તણાતી બચાવી લીધી હતી અને જળ પ્રકોપના ભોગ થતાં ઘણાં પશુઓને પણ બચાવ્યા હતાં. આ તેમના ભગીરથ અને અતૂલ પરાક્રમથી ખુશી થઇ તેમની બજાવેલી રાજ્યભક્તિને લઇને તેમની ઇચ્છાનુસાર દયાળુ દીલસોજ સ્ટ્રૉંગસાહેબે આ વિશાળ જમીનનો મહારાજશ્રીને પટો કરી આપી આપણી સમાજ ઉપર એક અપૂર્વ ઉપકાર કર્યો છે. છેવટ પૂર્ણાહુતિ કરતાં જણાવવાની રજા લઉં છું કે જ્યારે આપણી કોમની ઉન્નતિ અર્થે આવા મહાન્ સદ્દગુરૂઓ પોતાના જાતના આવા ભોગ આપશે ત્યારેજ શાસનની ઉન્નતિ નજીક છે. જૈન શાસનનો ઉદ્ધાર, આર્હંત પ્રભુના વ્હાલાં સંતાનો-પરમપૂજ્ય મૂનિવરોથી થયો છે. અને ભવિષ્યમાં પણ થશે એવું ઇચ્છું છું. આશા છે કે આપણો પરમ પૂજ્ય મુનિવર્ગ તથા સાધ્વીજી વર્ગ તથા શ્રી સંઘનો આબાળ વૃદ્ધ વર્ગ આ સંસ્થાને અમીદૃષ્ટિથી નીહાળશે, અને તેને યથાશક્તિ મદદ કરી તેના સંચાલકોને પ્રોત્સાહન્ આપશે એવું અંતરથી ઇચ્છી વીરમું છું.

× તા. ક. હાલ ગુરૂકુળમાં ૧૦૨ વિદ્યાર્થીઓની હાજરી છે. પરિક્ષાનું પરિણામ ૮૯ ટકા આવ્યું છે.—

લી. સેવક,

**શંકરલાલ ડાહ્યાભાઇ.**

સુપ્રિન્ટેન્ડન્ટ ય. વિ. જૈન ગુરૂકુળ-પાલીતાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ મેનેજીંગ કમીટીની મીટીંગો.

શેઠ જીવણચંદ ધરમચંદ અને શેઠ દેવીદાસ કાનજીના પ્રમુખપણા નીચે શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ મેનેજીંગ કમીટીની બે મીટીંગો તા. ૨૦-૫-૨૬ તથા તા. ૭-૭-૨૬ ના રોજ સંસ્થાની ઑફિસમાં ભરવામાં આવી હતી. જેમાં નીચે મુજબ કામકાજ થયું હતું.

( ૧ ) મુનિ મહારાજ દર્શનવિજયજી અને શ્રી અજીતસાગર સૂરિજીનો પત્ર પોતપોતાના પુસ્તક સંગ્રહને ગુરૂકુળમાં આપવા અને " શ્રી ચારિત્ર બુદ્ધિજ્ઞાન મંદિર " નામનું પુસ્તકાલય ગુરૂકુળમાં સ્થાપવા માટેનો પત્ર રજુ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવેલી સરતો સાથે આ બાબત સ્વીકારવામાં આવી તથા તે માટે યોગ્ય નીયમો ઘડી કાઢવા માટે ત્રણ ગૃહસ્થોની કમીટી નીમવામાં આવી.

( ૨ ) શેઠ સાહેબ સારાભાઇ મગનભાઇ મોદી પ્રા. કેળવણી લોન ફંડની રૂા. ૧૦૦૦૦) અંકે દસ હજારની રકમે તેઓ તરફથી આવી ગઇ હોવાથી તેઓને તે ફંડની સરત મુજબ પેટ્રન તરીકે જાહેર કરવામાં આવ્યા તથા નિયમ મુજબ તેઓનો ફોટો તૈયાર કરાવી ગુરૂકુળમાં યોગ્ય સ્થળે મુકવો. અને આ રકમને કોઇ બેંકમાં અથવા તો સદ્ધર જામીનગીરીમાં ચાર ગૃહસ્થોના નામે રોકવા ઠર્યું.

( ૩ ) પાલીતાણામાં ગુરૂકુળમાં ચાલતી સ્કૂલ માટે કેળવણીના અંગે પાંચ ગૃહસ્થોની તેમાં બે મુંબઇના અને ત્રણ ભાવનગરના મળી એક એડવાઇઝરી કમીટી નીમવામાં આવી.

( ૪ ) ગુરૂકુળના મદદગારો ( પેટ્રન. લાઇફ મેમ્બર વીગેરે ) ને આભારપત્ર મોકલાવવાને એક સારો આભાર પત્ર તૈયાર કરવાને ઠર્યું.

( ૫ ) ગુરૂકુળમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જયંતિલાલ હકીસંગને આર્ટ લાઇન શીખવા માટે, મુંબઈ અથવા તો અમદાવાદમાં યોગ્ય સ્થાને દાખલ કરાવવા ઠર્યું.

( ૬ ) જૈન પત્રમાં ગુરૂકુળની માસિક હકીકત પ્રગટ કરવા એક પેઇજ રોકવા ઠર્યું.

( ૭ ) ધાર્મિક શિક્ષણ વિશેષ ઉચ્ચ પ્રકારે આપવાની યોજના થાય તો એક વધારાના શિક્ષકના માસીક રૂા. ૫૦) આપવા એક વરસ સુધી, શેઠ સારાભાઇ મ. મોદીએ ઇચ્છા બતાવી જેની નોંધ લેવામાં આવી.

( ૮ ) વિદ્યાર્થીઓની આવેલી અરજીઓ પૈકી માસિક રૂા. ૧૦) આપવા વાળી પાંચ, રૂ. ૫) વાળી છ, અને શેઠ સારાભાઇ મ. મોદી સ્કોલર તરીકે ફ્રી નવ, કુલ વીસ વિદ્યાર્થીઓની અરજીઓ પાસ કરવામાં આવી.

( ૯ ) શેઠ જીવણચંદ ધરમચંદ તરફથી એક ધાતુની પ્રતિમા, તથા ધાતુનો ઐરાવત હાથી, ગુરૂકુળને ભેટ અપાયો જેની નોંધ લેવામાં આવી.

( ૧૦ ) હાલના વિકટ પ્રસંગે મદદ મેળવવા માટે યોગ્ય વિચાર કરવામાં આવ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## શ્રી માળવા, મેવાડ જીર્ણોદ્ધાર કમીટી મુંબઇ. સં. ૧૯૮૦-૮૧-૮૨ ના માહ શુદ ૧૫ સુધીનો વિગતવાર રીપોર્ટ—

આ રીપોર્ટ વાંચતાં જણાય છે કે તેના સેક્રેટરીઓ શેઠ ગોવિંદજી ખુશાલચંદ તથા શેઠ રણછોડભાઇ રાઇચંદ ઝવેરી જાતિભોગ અને પૂર્ણ ખંતથી આ જીર્ણોદ્ધારનું કાર્ય કરે છે જેથી તેઓ ધન્યવાદને પાત્ર છે. શરૂઆતમાં સ્વર્ગવાસી શેઠ મોતીલાલ મૂળજીભાઇની મેહેનત પણ સ્તુતિપાત્ર હતી અને આ ખાતાને જોકે તેમની ખોટ પડી છે છતાં ઉપરોકત સેક્રેટરી સાહેબો અને કાર્યવાહક કમીટીનો પ્રયત્ન આ રીપોર્ટ વાંચતા ધન્યવાદને પાત્ર છે. માળવા મેવાડમાં રેલવેની તેમજ રેલવે વગરની મુસાફરી કરી ઘણા સ્થળોએ ઉદ્ધાર કરવા જેવા સ્થળો જોઇ, ત્યાં ત્યાં કમીટી નીમી યોગ્ય ખર્ચની અરજીઓ લઇ મંજુરી આપેલ છે અને કાર્ય ચાલુ છે. આવા જીર્ણોદ્ધારના કામમાં લાખો રૂપિયાની જરૂર છે. અને આ ખાતાની કમીટી અને સેક્રેટરીઓનો પ્રયત્ન પણ ઉત્તમ છે, જેથી જૈન કોમે પોતાની લક્ષ્મીનો સદ્ઉપયોગ આ ખાતાને પૂર્ણ સહાય આપી કરવાનો છે. સંસ્થાનો વહિવટ ઉત્તમ છે વ્યવસ્થા સંતોષકારક છે અને હિસાબ તો ચોખો હોય તેમાં નવાઇ કેમ હોઇ શકે ? કારણ કે કાર્ય કરનાર બંધુઓ શ્રીમંત લાગણીવાળા અને તન, મન અને ધનનો ભોગ આ ખાતાને આપનારા છે એમ આ રીપોર્ટ ઉપરથી જણાય છે. દરેક જૈનબંધુને અને દરેક શહેરના શ્રી સંઘને નમ્ર સુચના છે કે આ ખાતાને આર્થીક સહાય જરૂર આપવી. અમો આ ખાતાના કાર્યવાહકોની ઇચ્છા પૂર્ણ થાય તેમ પ્રાર્થના કરીયે છીયે.

---

**શેઠ ધરમચંદ ઉદેચંદ જૈન એજ્યુકેશન ફંડનો રીપોર્ટ તથા હિસાબ** ( સને ૧૯૧૭ થી ૧૯૨૫ સુધી આઠ વર્ષનો ) અમોને મળ્યો છે—આર્થિક મદદના અભાવે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ આગળ વધારી શકતા નથી, તેવું શેઠ ધરમચંદ ઉદેચંદ સુરત નિવાસીના સુપુત્રો શેઠ જીવનચંદ ધરમચંદ વગેરેને જણાતાં પોતાના પિતાના સ્મારક નિમિત્તે તે નામ આપી રૂા. ૬૦૦૦૦) સાઠ હજારની રકમ સં. ૧૯૧૭ ની સાલમાં એક રકમ અલગ કાઢી વહીવટ કરવા સાત ટ્રસ્ટીઓ નીમી ટ્રસ્ટડીડ કરીને તે વિદ્યાર્થીઓને કેળવણીના ઉત્તેજન અર્થે સોંપી દીધી. સાથે સ્ત્રી કેળવણીના ઉત્તેજન માટે પણ શેઠ જીવણચંદ લલુભાઇની કું. તરફથી પણ એક ફંડ ટ્રસ્ટીઓને સોંપવામાં આવ્યું છે. જેથી તે ફંડમાંથી લોન સ્વરૂપમાં અનેક વિદ્યાર્થીઓને નાણા ધીર્યાં છે, ધીરે છે, જેમાંથી ઉંચી કેળવણી—બેરીસ્ટર—એલ. એમ. એન્ડ. એસ—સોલીસીટર—વગેરે લઇ અત્રે યાને વિલાયત જઇ પાસ થયેલા બાર જૈન બંધુઓ અને આઠ બ્હેનો શિક્ષક અને નર્સની પરિક્ષામાં પસાર થયેલ છે—જે વિગતવાર હકીકત આ રીપોર્ટ વાંચવાથી જણાય છે. આ ફંડનો હિસાબ ચોખવટવાળો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવસ્થા સુંદર છે, તેથીજ આવી ઉંચી ડીગ્રી મેળવી કેટલાક વ્હેન અને બંધુઓ ઉચ્ચ કેળવણી લેવા પામ્યા છે. જમાનાને અનુસરતું ઉચ્ચ કાર્ય હોઇ તેનો જન્મ આપનારાઓ ધન્યવાદને પાત્ર છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

# " નલવિલાસ નાટક "

આ ગ્રંથ શ્રી સેન્ટ્રલ લાઇબ્રેરી વડોદરા તરફથી સીરીઝના ૨૯ મા નંબર તરીકે પ્રકટ થયેલ છે. **નામદાર શ્રી ગાયકવાડ સરકાર** સાહિત્ય રસિક હોવાથી તેમની સ્ટેટ લાઇબ્રેરી તરફથી પ્રકટ થતી સંસ્કૃત સીરીઝ તરીકે અનેક ઉત્તમ ગ્રંથો પ્રકટ થયેલ છે. તે પૈકીનો હાલમાં પ્રસિદ્ધ થયેલ આ છેલ્લો ગ્રંથ છે. **શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય**ના પટ્ટધર **શ્રીરામચંદ્રસૂરિએ** બારમા સૈકાના અંતમાં અથવા તેરમા સૈકાની શરૂઆતમાં આ ગ્રંથ રચેલ છે, તેના અનેક પ્રમાણો બીજાગ્રંથની સાધતો અને શ્રી રામચંદ્રસૂરિનો જીવનકાળ ઐતિહાસિક દૃષ્ટિએ, ઘણાજ શ્રમથી સંશોધન કરી આ ગ્રંથની પ્રસ્તાવનામાં **ભાઇ લાલચંદ ભગવાનદાસ ગાંધી** જેઓ આ સેન્ટ્રલ લાઇબ્રેરી વડોદરામાં શ્રીગાયકવાડ સરકાર તરફથી જૈન પંડિત તરીકે નીમાયેલ છે તેમણે બતાવેલ છે. તેઓનું માગધી સંસ્કૃત જ્ઞાન વિશાળ હોઇનેજ કોઇપણ ગ્રંથ કે તેના કર્ત્તાનો પરિચય ઇતિહાસિક દૃષ્ટિએ પ્રમાણભૂત આલેખી શકે છે. સિવાય આ નલવિલાસ નાટકની પ્રસ્તાવનામાં નલ રાજા વિષે જૈન અને જૈનેતર કવિવરોએ કાવ્ય–કથા–ચમ્પુ, નાટક વગેરે અનેક જુદા જુદા નામોથી રચના કરેલી છે, તેને નલ સાહિત્યનું નામ આપી તે સર્વે કૃતિના રચનાર કવિવરોના અને કૃતિના નામો અને તેના ચરિત્રના ભેદ પણ આ પ્રસ્તાવનામાં આપેલ છે, વળી આ નલવિલાસ નાટકનું માધુર્ય રચના કેવી ઉચ્ચ કોટીની છે, તે તેમ જ સાથે મહાકવિ **રામચંદ્રસૂરિનું** જીવન ચરિત્ર તેઓની કૃતિના અન્ય ગ્રંથો વગેરે બહુજ વિદ્વતાથી સપ્રમાણ અને ઇતિહાસિક દૃષ્ટિએ લખી ગ્રંથની મહત્વતામાં પંડિત લાલચંદભાઇએ વૃદ્ધિ કરી છે આ ગ્રંથ સંસ્કૃત હોવાથી તે ભાષાના જાણકાર માટે પ્રસ્તાવના ખાસ વાંચવા જેવી છે. ગ્રંથ તો મહા કવિવર શ્રી રામચંદ્રસૂરિનો બનાવેલ હોવાથી તે કૃતિ ઉત્તમ હોય તેમાં કહેવાપણું હોયજ નહિં, શ્રીમાન્ ગાયકવાડ સરકારે પંડિત લાલચંદભાઇ જેવા અનેક વિદ્વાનોને આવા સાહિત્ય પ્રકટન માટે રાખેલા છે, તેથીજ આવા સાહિત્યના ગ્રંથો પ્રકટ થાય છે–**જૈન** સમાજે પણ પોતાનું ઐતિહાસિક સાહિત્ય અખૂટ અને વ્હોલા પ્રમાણમાંજ છે તે દુનીયાને બતાવવા, તેને પ્રકટ કરવા આવા બંધુ લાલચંદ ભગવાનદાસ પંડિત જેવા વિદ્વાનોને રોકી સાહિત્ય બહાર મુકી અનેક જૈનેતર દર્શનોને–જનસમાજને ચકિત કરવાની જરૂર છે.

૩ **શ્રી અંબડ ચરિત્ર**—શેઠ નારણજી ભાણાભાઇ તરફથી ભેટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# परोपकाराय सतां विभूतयः

विद्याप्रेमी आचार्य श्रीमद्विजयवल्लभसूरीश्वरजी महाराजके शुभ नामको कौन जैन बच्चा नहीं जानता ? जैन समाज की भलाई के लिये आपने श्री महावीर जैन विद्यालय, मुंबई तथा आत्मानंद जैनगुरुकुल पंजाब, आदि कइ एक संस्था स्थापन करवा कर अपने शुभ नाम को यथार्थ कर दिखलाया हैं ।

आपने जैन समाजपर जो जो उपकार किये हैं, उसको वह कभी भी नहीं भूल सक्ता ।

हमारे बडोत निवासी जनोंपर उपकार करनेकी ईच्छासे बनोलीसे विहार कर आषाढ कृष्णा पंचमीको यहां " बडोत " पधारे ।

जनताने आपका स्वागत बडे ही प्रेमसे धूमधामपूर्वक किया ।

प्रियपाठक वर्ग ! आप यह शुभ समाचार सुन कर बडे ही खुश होंगें कि यहां श्वेतांबर जैन समाजके दो–तीन ही घर थे, परंतु अब विद्वान आचार्य महाराजश्रीजीके शुभागमनसे तथा बिनोली निवासी लाला श्रीचंदजी अग्रवाल गोहल गोत्रीयके प्रयत्नसे २० वीससे अधिक घर हुये हैं । संभव है कि और भी कइ एक घर होवेंगे ।

आपने अनेक कष्ट सहन करके हमको सत्य मार्ग पर चलाया है । इसका बदला हम इस भवमें तो क्या परंतु अनेक भवोंमें भी नहीं दे सक्ते गुरुदेव ! हम आपकी दयालुताका कहां तक वर्णन करें ? देहलीसे चौमासे की विनंती करनेके लिये श्रावक समुदाय बिनोलीमें आया था, और यहां भी आपके चरणोंमें हाजिर हुवा था मगर आपने हम गरिब नूतन श्रावकों की विनंती मंजूर फरमा कर यहां ही ( बडोत–यू० पी० ) चातुर्मास करना निश्चित किया ।

हमारे प्रबल पुन्योदयसे श्वेताम्बर जैन साधुओंके चातुर्मासका लाभ हमको प्रथम ही मीला है । धन्य हैं आप महात्माओंको जो बडे बडे शहरों की विनंती भी ना मंजूर फरमा कर इस छोटेसे कस्बेमें अनेक तकलीफा सहन करके अपने सच्चे साधुत्वको दीपाया है । इतना ही नहीं बल्के परोपकाराय सतां विभूतयः इस सुप्रसिद्ध कहावतको सत्य कर दीखलाया है ।

आपकी सेवामें आपके ही शिष्य प्रशिष्यादि पांच साधु हैं

तपस्वीजीश्री गुणविजयजी महाराज, मुनिश्री समुद्रविजयजी, मुनिश्री सागरविजयजी, मुनिश्री विशुद्धविजयजी मुनिश्री विकासविजयजी ॥

लि० आपका—**गिरिलाल जैन अग्रवाल बिनौलीवाला.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# =ખાસ ખરીદો ને લાભ લ્યો=

## આ સભા તરફથી બહાર પડેલા ઉત્તમોત્તમ ગુજરાતી પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈન તત્વાદર્શ (શાસ્ત્રી) | ૫–૦–૦ |
| ૨ | નવતત્ત્વનો સુંદર બોધ | ૦-૧૦-૦ |
| ૩ | જીવવિચાર વૃત્તિ | ૦–૬–૦ |
| ૪ | જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦–૮–૦ |
| ૫ | જૈનતત્ત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦–૬–૦ |
| ૬ | દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦–૮–૦ |
| ૭ | નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૮ | હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ |
| ૯ | કુમાર વિહાર શતક. મૂળ. અવચૂરિ અને ભાષાંતર સાથે (શાસ્ત્રી) | ૧–૮–૦ |
| ૧૦ | પ્રકરણ સંગ્રહ | ૦–૪–૦ |
| ૧૧ | નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦–૮–૦ |
| ૧૨ | આત્મવલ્લભ સ્તવનાવલી | ૦–૬–૦ |
| ૧૩ | મોક્ષપદ સોપાન | ૦-૧૨-૦ |
| ૧૪ | પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦-૧૪-૦ |
| ૧૫ | શ્રાવક કલ્પતરૂ | ૦–૬–૦ |
| ૧૬ | આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨–૮–૦ |
| ૧૭ | આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧–૮–૦ |
| ૧૮ | પ્રકરણ પુષ્પમાલા પ્રથમ પુષ્પ | ૦–૬–૦ |
| ૧૯ | જંબુસ્વામીના ચરિત્ર | ૦–૮–૦ |
| ૨૦ | જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧–૦–૦ |
| ૨૧ | તપોરત્ન મહોદધિ ભાગ ૧–૨ તમામ તપ વિધિ સાથે | ૧–૦–૦ |
| ૨૨ | સમ્યકત્વ સ્તવ | ૦–૪–૦ |
| ૨૩ | ચંપકમાળા ચરિત્ર | ૦–૮–૦ |
| ૨૪ | શ્રી સમ્યક્ત્વ કૌમુદી ,, | ૧–૦–૦ |
| ૨૫ | પ્રકરણ પુષ્પમાલા બીજું રત્ન | ૦–૮–૦ |
| ૨૬ | અનુયોગદ્વાર સૂત્ર | ૦–૮–૦ |
| ૨૭ | અધ્યાત્મમત પરીક્ષા | ૦–૪–૦ |
| ૨૮ | ગુરૂગુણ છત્રીશી | ૦–૮–૦ |
| ૨૯ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦–૫–૦ |
| ૩૦ | જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય. અનુવાદ સહિત ) | ૦-૧૨-૦ |
| ૩૧ | શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧–૦–૦ |
| ૩૨ | સંબોધ સિત્તરી | ૧–૦–૦ |
| ૩૩ | ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧–૮–૦ |
| ૩૪ | સુમુખનૃપાદિ કથા. | ૧–૦–૦ |
| ૩૫ | આદર્શ સ્ત્રી રત્નો | ૧–૦–૦ |
| ૩૬ | શ્રી નેમનાથ ચરિત્ર. | ૨–૦–૦ |
| ૩૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો. | ૨–૦–૦ |
| ૩૮ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ જો | ૨–૮–૦ |
| ૩૯ | શ્રી દાન પ્રદીપ | ૩–૦–૦ |
| ૪૦ | શ્રી નવપદજી પૂજા અર્થ ફુટનોટ સહિત | ૧–૪–૦ |
| ૪૧ | શ્રી કાવ્ય સુધાકર | ૨–૮–૦ |
| ૪૨ | શ્રી ધર્મરત્ન પ્રકરણ | ૧–૦–૦ |
| ૪૩ | શ્રી આચારોપદેશ ( રેશમી પાકુ કપડાનું બાઇન્ડીંગ ) | ૦–૮–૦ |
| ૪૪ | કુમારપાળ પ્રતિબોધ | છપાય છે. |
| ૪૫ | ધર્મ બીન્દુ ( આવૃતી બીજી ) | ,, |
| ૪૬ | શ્રી પંચપ્રતિક્રમણ અર્થ સહીત | ,, |
| ૪૭ | શ્રી પ્રભાવક ચરિત્ર | ,, |

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શત્રુંજય તીર્થ કેસનો ફેસલો.

આ પરમ પવિત્ર તીર્થ સંબંધીનો કેસ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ પાસે ચાલતો હતો, તેનો ફેંસલો તેમણે ( દર વર્ષે એક લાખ રૂપિયા આપણે આપવા અને દશ વર્ષની બંધી એ વગેરે એ રીતે ) ન્યાયના ધોરણથી વિરૂદ્ધ આપણા ગેરલાભમાં આપ્યો છે. હવે આપણું કર્તવ્ય એ છે જે કાયદેસર લડત ઉપરની કોર્ટમાં આગળ ચલાવવી અને શ્રી સંઘ જ્યાં સુધી ફરમાન ન કરે ત્યાંસુધી શ્રી શત્રુંજય યાત્રા કરવા જવાનું દરેક જૈને બંધ રાખવું અને જપ-તપ નિયમ વગેરે કરવું અને અધિષ્ઠાયકદેવોની પ્રાર્થના કરવી કે જેથી જલદીથી વ્યાજબી ન્યાય મળે-હક્કનું રક્ષણ થાય શાંતિ થાય.

આ ફેંસલાના સમાચાર શેઠ આણંદજી કલ્યાણજીની કમીટીથી અત્રે મળતાં શ્રીસંઘને અતિશય ખેદ થયો હતો. ખેદ પ્રદર્શિત કરવા અને ઉપર પ્રમાણે યાત્રા કરવા નહીં જવા વગેરે ઠરાવો થયા હતા. કાળા વાવટા સહિત શ્રી સંઘનું સરઘસ ભારે શોક-દિલગીરી સહિત આખા શહેરમાં ફરી શ્રી દાદાસાહેબના જિનાલયમાં પ્રાર્થના કરી વિખરાયું હતું.

## વાંચનાર પ્રેમી બંધુઓ ખાસ ખરીદીને ઉત્તમ લાભ લેશો.

| | | | |
|---|---|---|---|
| ૧ પંચપરમેષ્ઠી ગુણમાળા. | ૧-૮-૦ | ૧૦ શ્રી ઉપદેશ સપ્તિકા ઐતિહાસિક કથા ગ્રંથ. | ૧-૦-૦ |
| ૨ સુમુખનૃપાદ કથા. | ૧-૦-૦ | ૧૧ શ્રીવિવિધ પૂજા સંગ્રહ. | ૧-૮-૦ |
| ૩ શ્રી નેમનાથ ચરિત્ર | ૨-૦-૦ | ૧૨ આદર્શ જૈન સ્ત્રીરત્નો. | ૧-૦-૦ |
| ૪ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | ૨-૦-૦ | ૧૩ શ્રી દાન પ્રદીપ-દાનનું અદ્‌ભુત કથાઓ સહિત વર્ણન. | ૩-૦-૦ |
| ૫ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર બીજો ભાગ. | ૨-૮-૦ | ૧૪ નવપદ પૂજા અર્થ સહિત | ૧-૪-૦ |
| ૬ આત્મ પ્રબોધ. | ૨-૮-૦ | ૧૫ કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૭ શ્રી જંબુસ્વામી ચરિત્ર. | ૦-૮-૦ | ૧૬ ધર્મરત્ન પ્રકરણ. | ૧-૦-૦ |
| ૮ શ્રીચંપકમાલા સતી આદર્શચરિત્ર | ૦-૮-૦ | ૧૭ આચારોપદેશ. | ૦-૮-૦ |
| ૯ સંબોધસત્તરી-જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. | ૧-૦-૦ | | |

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર ).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

( અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી. )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ, શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વિગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા-સ્વભાવનું વિવેચન, અદ્‌ભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પારસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.

For Private And Personal Use Only